# ગાંધીજી

જુગતરામ દવે



GJ
891.474
G 151 D

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.474 G 151 D
00130434

INDIAN INSTITUTE OF ADVANCED STUDY, SHIMLA
Acc. No. 130434
Date 16-9-2010

GJ
891.474
G151D

પાંચ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૨૭

પહેલી આવૃત્તિ, ૧૯૨૭
સુધારેલી આવૃત્તિ, પ્રત ૨૫,૦૦૦, ઑગસ્ટ ૧૯૯૨
પુનર્મુદ્રણ, પ્રત ૧૦,૦૦૦, સપ્ટેમ્બર ૨૦૦૮
કુલ પ્રત : ૩,૦૬,૦૦૦

'ગાંધીજીવનઝાંખી' પરીક્ષા માટે
આ પુસ્તક નવજીવન ટ્રસ્ટ તરફથી
રાહત દરે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ISBN 81-7229-131-0

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પાંચમી આવૃત્તિની પ્રસ્તાવના

પૂ. ગાંધીજીની ૬૦મી જયંતીની યાદગીરીમાં આ રેખાચિત્રો પ્રથમ લખ્યાં હતાં. ત્યાર પછી વર્ષો વીત્યાં છે, અને ઈશ્વરની કરુણાથી ગાંધીજીનું જીવન બાળક કરતાં પણ વધારે જોશથી વૃદ્ધિ પામતું રહ્યું છે.

સ્વાભાવિક રીતે આ તકે થોડાં રેખાચિત્રો નવાં મૂકયાં છે. જૂનાં ચિત્રોનાં લખાણ અને ગોઠવણમાં પણ ફેરફારો કર્યા છે.

ગુજરાતનાં બાળકો આ ઉમંગથી વાંચો અને બાપુજીનો આત્મા ઠારનારાં થાઓ.

વેડછી આશ્રમ
ઉદ્યોગશાળા
તા. ૧૩-૫-૧૯૩૯

**જુગતરામ દવે**

# પ્રકાશકનું નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠ તરફથી દર વરસે ગાંધી જયંતીને દિવસે 'ગાંધી જીવન ઝાંખી'ની પરીક્ષા લેવાય છે. પાંચથી સાત ધોરણના વિદ્યાર્થીઓ માટેની આ પરીક્ષામાં કુદસિયા જૈદીનું 'ગાંધીબાપુ' પુસ્તક શરૂથી પાઠચપુસ્તક તરીકે ચાલે છે.

ચાલુ વરસથી આ પુસ્તક ઉપરાંત ગાંધીજીના જીવનના પ્રસંગો આલેખતું સ્વ. શ્રી જુગતરામ દવેનું 'ગાંધીજી' પુસ્તક પણ પાઠચપુસ્તક તરીકે ઉમેરવાનું નક્કી થયું છે. એ પુસ્તકની પહેલી આવૃત્તિ ૧૯૨૯માં પ્રસિદ્ધ થયેલી. આજ સુધીમાં તેની લગભગ લાખ જેટલી નકલો વેચાઈ છે. આ પુસ્તક એ જ પુસ્તકની પરીક્ષા માટેની રાહત દરની ખાસ આવૃત્તિ છે.

પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ ગાંધીજીના જીવન અને કાર્યને વ્યક્ત કરતાં કાવ્યોનો મુખપાઠ કરે તે જરૂરી લાગતાં આ આવૃત્તિમાં તેવાં પાંચ કાવ્યો પુસ્તકને અંતે આપ્યાં છે.

પરીક્ષા માટેની રાહત દરની આવૃત્તિ સામાન્ય વાચકને પણ તે જ કિંમતે મળતી રહેશે.

તા. ૧૭-૮-'૯૨

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. ક્યાંના ? | ૧ |
| ૨. નાત | ૨ |
| ૩. પૂતળીબાઈ | ૨ |
| ૪. બા | ૩ |
| ૫. પરીક્ષા | ૩ |
| ૬. સત્ય | ૪ |
| ૭. પ્રહ્લાદ અને હરિશ્ચંદ્ર | ૫ |
| ૮. વૈષ્ણવ | ૬ |
| ૯. રેંટિયો | ૭ |
| ૧૦. ગાંધીજી કેમ રહેતા હતા ? | ૮ |
| ૧૧. સત્યાગ્રહીની દિનચર્યા | ૯ |
| ૧૨. મૌનવાર | ૯ |
| ૧૩. ગાંધીજીની ખાસિયતો | ૧૦ |
| ૧૪. આશ્રમ – ૧ | ૧૧ |
| ૧૫. આશ્રમ – ૨ | ૧૧ |
| ૧૬. નોકર | ૧૩ |
| ૧૭. આ કાંઠે ગંગા ને પેલે કાંઠે જમના | ૧૪ |
| ૧૮. બાળ-લાકડી | ૧૪ |
| ૧૯. પોશાકનો ઈતિહાસ | ૧૫ |
| ૨૦. ખાદી | ૧૬ |
| ૨૧. ખાદીની ટોપી | ૧૭ |
| ૨૨. ધોળી ટોપી | ૧૮ |
| ૨૩. ધોળી ટોપી જીવી ગઈ | ૧૮ |
| ૨૪. ગાંધી ટોપી | ૧૯ |
| ૨૫. એકલું પહેરણ | ૨૦ |
| ૨૬. ભાષાઓનું જ્ઞાન | ૨૧ |
| ૨૭. ખોરાકના પ્રયોગો | ૨૨ |
| ૨૮. કુદરતી ઉપચારો | ૨૪ |
| ૨૯. દરિદ્રનારાયણનું દર્શન | ૨૬ |
| ૩૦. કચ્છ | ૨૬ |
| ૩૧. ડબો ઘર – ડબો આશ્રમ | ૨૭ |
| ૩૨. જેલમહેલ | ૨૯ |
| ૩૩. ત્રણ પ્રતિજ્ઞાઓ | ૩૦ |
| ૩૪. 'કુલી' બારિસ્ટર | ૩૧ |
| ૩૫. બાવડું ઝાલીને ઉતાર્યા | ૩૨ |
| ૩૬. સિગરામનું વીતક | ૩૪ |
| ૩૭. ધક્કો | ૩૫ |
| ૩૮. ભાઈને હાથે માર | ૩૬ |
| ૩૯. મીર આલમ ભક્ત બન્યો | ૩૮ |
| ૪૦. જબરું તોફાન | ૩૯ |
| ૪૧. આપણાં પાપનું ફળ | ૪૫ |
| ૪૨. હરિજન પહેલા | ૪૬ |
| ૪૩. આશ્રમમાં હરિજન | ૪૭ |
| ૪૪. બે ઐતિહાસિક કૂચ | ૪૮ |
| ૪૫. રાષ્ટ્રીય ઉપવાસ | ૫૦ |
| ૪૬. પ્રેમના ઉપવાસ | ૫૧ |
| ૪૭. મહાન ઉપવાસ | ૫૧ |
| ૪૮. સ્વરાજ્ય | ૫૨ |
| ૪૯. અંગ્રેજને | ૫૩ |
| ૫૦. પ્રેમ | ૫૫ |
| ૫૧. ગાંધીજીની અહિંસા | ૫૬ |
| ૫૨. આત્મબળ | ૫૬ |


## કવિતાઓ


| | |
|---|---|
| ૧. ગાંધીસ્તોત્ર | ૫૮ |
| ૨. બાપુ કેરું નામ | ૫૮ |
| ૩. અમારો દેશ | ૫૯ |
| ૪. ગાંધી ગુજરાતે ઊતર્યા | ૫૯ |
| ૫. ગાંધીને શરણે આવો રે | ૬૦ |

# ૧. ક્યાંના?

ગાંધીજીનું ગામ કયું?

પોરબંદર વહેલું વહેલું બોલી ઊઠશે, ''હું હું, મારે ત્યાં તેમણે જન્મ લીધો હતો.''

દરિયાપારથી ફીનિક્સ અને ટૉલ્સ્ટૉય આશ્રમ બોલી ઊઠશે, ''સાચો જન્મ તેમણે અમારે ત્યાં લીધો એ કેમ ભૂલી જાઓ છો?''

અમદાવાદ કહેશે, ''એમણે આશ્રમ તો મારી સાબરમતીને તટે બાંધ્યો હતો ને?''

પૂના પોતાનો હક આગળ લાવશે, ''એમને જેલમહેલનો વાસ મારી યરવડા જેલે જ આપ્યો હતો એ ન ભૂલતા.''

બિહારના ખેડૂતો કહેશે, ''તમે બધા ગમે તેમ કહો, પણ ગાંધીજી તો અમારા જ. અમારાં ગળીનાં ખેતરોમાં તેઓ કેટલા ઘૂમ્યા હતા તે તમે શું જાણો?''

ત્યાં તો પંજાબ ઘાંટો પાડી ઊઠશે, ''ગાંધીજીને જગાડનાર મારો જલિયાંવાલા બાગ જ હતો એની કોઈથી ના પડાશે?''

કલકત્તા કહેશે, ''પણ અસહકારનો શંખ તો મારી ભૂમિમાં આવીને ફૂંક્યો ને?''

મુંબઈ કહેશે, ''પણ સત્યાગ્રહ શરૂ કરવા તો અહીં જ આવેલા ને?''

બારડોલી બોલી ઊઠશે, ''મોટાઓનાં નગારાંમાં મારી તતૂડી કોઈ સાંભળશો? ગાંધીજીએ રણમેદાન તો મારું જ સ્વીકાર્યું હતું.''

દિલ્હી ગાંધીજીને પોતાના જ સમજે છે, કારણ કે ઉપવાસના પવિત્ર ૨૧ દિવસો ગાંધીજીએ ત્યાં ગાળેલા. બેળગાંવને પોતાનો દાવો સૌથી ચડિયાતો લાગે છે. ભારતવર્ષના પ્રમુખનો તાજ બેળગાંવની મહાસભામાં જ ગાંધીજીને પહેરાવ્યો હતો ને?

પર્વતરાજ હિમાલય મનમાં હસે છે, ''કોણ આ બધાંની સાથે ઝઘડામાં ઊતરે? ગાંધીજી પોતાના મનમાં કોને ઝંખે છે એ તેઓ બાપડાં શું જાણે?''

ધનભાગ્ય છે નાનકડું નજીવું સેગાંવ* ! હિંદુસ્તાનના મધ્યબિંદુ પર

* સેવાગ્રામ

પડેલા એ ગામડાનું નામ પણ કોઈ જાણતું નહોતું. બીજાંની જેમ તેણે દાવો ન કર્યો, તકરાર ન કરી, માગણી ન કરી, છતાં ગાંધીજીએ તેને પોતાનું કર્યું.

## ૨. નાત

ગાંધીજી જ્ઞાતે મોઢ વણિક હતા. પણ તેઓ પોતે શું કહેતા હતા?

એક વાર સરકારે એમના ઉપર રાજદ્રોહનો કેસ કર્યો હતો.

અમદાવાદની અદાલતમાં કામ ચાલ્યું.

અદાલતમાં ન્યાયાધીશ નામઠામ પૂછે જ ને?

''તમારું નામ શું?''

— મોહનદાસ કરમચંદ ગાંધી.

''ક્યાંના રહીશ?''

— સત્યાગ્રહાશ્રમ સાબરમતીના.

''શો ધંધો?''

— વણકર અને ખેડૂતનો.

આ છેલ્લો જવાબ સાંભળીને ન્યાયાધીશ સજ્જડ થઈ ગયો. લોકો પણ તાકી રહ્યા.

## ૩. પૂતળીબાઈ

ગાંધીજીની માતાનું નામ પૂતળીબાઈ હતું. તેઓ બહુ ભાવિક હતાં. પૂજાપાઠ વિના કદી ન જમે. હંમેશાં હવેલીએ દર્શન કરવા જાય.

અગિયારસ એક પણ જવા દે નહીં. એકટાણું કરવું એ તો તેમને મન રમત જેવું હતું.

ચાતુર્માસમાં તેઓ ચાંદ્રાયણ, ધારણાં, પારણાં, એવાં એવાં વ્રતો કરતાં.

કોઈ ચાતુર્માસમાં તો એવું આકરું વ્રત લે કે સૂરજનાં દર્શન થાય તો જ જમવું.

આવી ભાવિક મા ઉપર ઘરનાં છોકરાંઓને ભાવ ઊભરાય એમાં શી નવાઈ? કોઈ વાર માને ભૂખ્યા રહેવું પડે ત્યારે છોકરાંઓ વાદળ સામું જોયા કરે અને જરા સૂરજ દેખાય કે બાને વધાઈ ખાવા દોડી આવે:

''બા! દોડો દોડો, સૂરજ દેખાયો.'' પણ બા આવે એટલામાં સૂરજ અલોપ થઈ જાય! આમ તેમને ઘણી વાર ઉપવાસ પડે.

પણ મા એવાં ટેકીલાં હતાં કે ગમે તે થાય, માંદાં પડે તોયે લીધેલાં વ્રતો કદી ભાંગે નહીં.

ગાંધીજીનાં માતા એવાં પવિત્ર અને ટેકીલાં હતાં.

## ૪. બા

તમે ઘણાએ બાપુજીને જોયા હશે, પણ બાને તો કોઈકે જ જોયાં હશે.

બા કંઈ મોટાં માતાજી થઈને બેસી થોડાં જ રહેતાં? આશ્રમમાં હોય ત્યારે તેઓ બાપુજીની ગાદી ઉપર દર્શન દેવા ઓછાં બેસી જતાં? ના. બા તો કોણ જાણે કયાંયે ભરાઈને કામ કરતાં હોય. કાં તો રસોડામાં રોટલી વણતાં બેઠાં હોય, કે બાપુજીનું ખાવાનું તૈયાર કરતાં હોય, કે કોઈ માંદાની ચાકરી કરતાં હોય. ગાંધીજી કોઈ વાર માંદા હોય ત્યારે તેમનું માથું દાબવાનું કામ બાનું જ. તેવે વખતે તેમનાં દર્શન થઈ જાય ખરાં.

કયાંક સભા હોય ત્યારે બા કંઈ બાપુજીની સાથે ભાષણ કરવા મંડી પડે એવાં નહોતાં. એ તો બહેનો સાથે જઈને છાનાંમાનાં બેસી જતાં, અને કોઈને જોવામાંયે આવે નહીં. અથવા મુકામ પર જઈને કામકાજમાં લાગી ગયાં હોય.

બાને મોટાં થઈને ફરવું બિલકુલ નહોતું ગમતું. તેમને તો એક જ વાત ગમતી — બાપુજીની પાછળ પાછળ ચાલવું અને તેમની સેવા કરવી. સીતાજીએ રામ પાછળ રાજપાટનાં સુખ તજી વનવાસ લીધો, તેમ બા પણ રાજપાટ જેવાં સુખ જતાં કરી બાપુજી સાથે આશ્રમવાસી થયાં.

સતીનાં દર્શન એટલે કસ્તૂરબાનાં દર્શન.

## ૫. પરીક્ષા

ગાંધીજી બીજી-ત્રીજી અંગ્રેજી ભણતા હતા.

નિશાળમાં એક વાર વિદ્યાધિકારી તપાસણીએ આવ્યા અને તેમણે વર્ગમાં બધા છોકરાઓને પાંચ અંગ્રેજી શબ્દો લખાવ્યા.

વર્ગના માસ્તર ફરતા ફરતા ત્રાંસી નજરે છોકરાઓ શું લખે છે તે જોતા હતા. તેમની છાતી ધડકતી હતી. કોઈ ખોટું લખે તો અપજશ માસ્તરને માથે જ આવે ને? અધિકારી કહેશે, માસ્તર સારું ભણાવતા નથી.

મોહનદાસે 'કેટલ' (Kettle) શબ્દની જોડણી ખોટી લખી તે માસ્તરની નજરે ચડી. પણ બિચારા શું કરે? ફરતા ફરતા તે એની પાસે ગયા અને એના પગે બૂટની અણી મારી, આંખથી ઈશારો કરી પાસેના છોકરાની પાટી ચીંધી. પણ મોહનદાસને ચોરી કરવી એવું પાપ સ્વપ્ને પણ પેઠેલું નહોતું. તેને કેમ સમજાય કે માસ્તર બીજામાંથી ચોરી કરી સાચી જોડણી લખવાનો બોધ આપે છે?

બીજે દિવસે માસ્તરે કહ્યું, ''સાવ મૂર્ખ છોકરો. કેટલી બધી ચેતવણી આપી છતાં સમજ્યો નહીં!''

ગાંધીજી માસ્તર સામું નહોતા બોલ્યા પણ મનમાં સમજી ગયા કે તેમનો બોધ માનવા જેવો ન હતો, કારણ કે તે અસત્યનો બોધ હતો.

## ૬. સત્ય

ગાંધીજી બાળક હતા ત્યારથી તેમને સત્ય પર ભારે પ્રેમ હતો.

નાના હતા ત્યારે થોડો વખત તે કેવા કુસંગે ચડ્યા હતા તેની વાત તેમણે પોતે લખી છે.

છોકરાઓને નાસ્તા કરવાનો ને બીડી ફૂંકવાનો છંદ લાગેલો. એવાં કામ માટે પૈસા માબાપ પાસેથી તો મગાય નહીં. એટલે તે લોકો નોકરોનાં ખીસાંમાંથી પૈસા ચોરતાં શીખ્યા.

આવાં કામથી મોહનનો જીવ તો બળે, પણ ભાઈબંધોને દેખે ને બીડીનું મન થાય કે ભૂલી જાય.

એમ કરતાં કરતાં નાસ્તાપાણીનું દેવું થયું. દેવાવાળો ઉઘરાણી કરે. હવે શું કરવું? એ જો લોકોના સાંભળતાં પૈસા માગશે તો? કદાચ ઘેર આવીને પિતાજી પાસે માગશે તો?

નોકરોનાં ખીસાંમાંથી તો પાઈપૈસો મળે, અને દેવું તો ભારે વધી ગયું હતું. હવે કેમ કરવું?

આમ એ ભાઈબંધોની ટોળી ચિંતામાં પડી. ટોળીમાં મોટાભાઈ પણ હતા. એમને આમાંથી છૂટવા માટે ચોરી સૂઝી : ''મારા હાથમાં સોનાનું કડું છે તેમાંથી તોલો કાપી આપીએ તો દેવું ચૂકવાશે અને કોઈને ખબર પડશે નહીં.''

મોહનને આ વિચિત્ર તો લાગ્યું, પણ તેની બોલવાની હિંમત ન ચાલી. તેણે કડું કપાવા દીધું.

દેવું તો ચૂકવાયું પણ જેને સત્ય વહાલું હતું તેને ચેન કેમ પડે?

''અરરર! હું ચોરીમાં ભળ્યો! એવા નાસ્તામાં ધૂળ પડો, એવી બીડીમાં આગ પડો!''

વળી વિચાર આવ્યો, ''અરે આમાં તો અમે પિતાજીને પણ છેતર્યા કહેવાય.''

મોહનને તો ખાવું ભાવે નહીં અને કશું જ ગમે નહીં. અંદરથી પાપ કોરી રહ્યું હતું.

છેવટે નિશ્ચય કર્યો, ''પિતાજીની પાસે જઈને મારું પાપ કબૂલ કરીશ. તેઓ ગુસ્સો કરશે તો સહન કરીશ, મારશે તો માર ખાઈશ.''

પિતાજી પાસે મોઢે બોલવાની હિંમત તો કેમ ચાલે? ગાંધીજીએ એક ચિઠ્ઠી લખીને તેમાં પોતાનું બધું પાપ કબૂલ કર્યું અને પિતાજીની માફી માગી. ભીની આંખે અને ધ્રૂજતે હાથે ચિઠ્ઠી પિતાજીના હાથમાં આપી. ચિઠ્ઠી વાંચી પિતાની આંખમાં મોતી આવ્યાં. એમણે ગુનો માફ કરી સત્યવાદી પુત્રને છાતીસરસો ચાંપ્યો.

## ૭. પ્રહ્લાદ અને હરિશ્ચંદ્ર

આ બે સત્યાગ્રહીઓની કથા ગાંધીજીને નાનપણથી બહુ પ્રિય હતી. જેને પોતાને સત્ય વહાલું હોય તેને સત્યવાદીઓની કથાઓ વહાલી હોય જ ને?

રાજા હરિશ્ચંદ્રે સત્યને ખાતર કેટલાં દુ:ખ વેઠયાં? રાજ્ય ખોયું, પાટ ખોયું, વન વન રઝળ્યા, સ્ત્રી વેચી, પુત્ર વેચ્યો, છેવટે પોતે પણ ચાંડાલને ઘેર વેચાયા. રૂંવાં ઊભાં થાય એટલું દુ:ખ પડયું પણ સત્ય ન છોડયું.

ગાંધીજીએ નાનપણમાં હરિશ્ચંદ્રનું નાટક જોયું હતું અને તે જોયું ત્યારથી તેમને હરિશ્ચંદ્રનાં જ સ્વપ્નાં આવ્યા કરતાં. હરિશ્ચંદ્રનું સ્મરણ કરી પોતે રોઈ પડતા. તેમણે લખ્યું : 'આજે પણ એ નાટક વાંચું તો મને આંસુ આવી જાય.' તેઓ કહેતા કે, હરિશ્ચંદ્રના જેવાં દુ:ખ ભોગવવાં ને છતાં સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય.

હરિશ્ચંદ્ર કરતાંયે પ્રહ્‌લાદની કથા ગાંધીજીને વધારે પ્રિય હતી. હરિશ્ચંદ્ર તો રાજા હતા, અનુભવી અને જ્ઞાની હતા. પણ પ્રહ્‌લાદ?

તે તો નાનો નાજુક બાળક હતો. રાક્ષસના ઘરમાં જન્મ મળ્યો હતો છતાં તેણે રામનામ લેવાની હિંમત કરી. બાપે પર્વત પરથી ફેંક્યો તોયે રામનામ ન મૂક્યું. દરિયામાં ડુબાવ્યો તોયે રામનામ ન મૂક્યું. ધખધખતા થાંભલાને ભેટતાં પણ એ બાળક ન ડર્યો, ન રામનું નામ છોડ્યું.

ગાંધીજી પ્રહ્‌લાદનો સત્યાગ્રહ હમેશાં નજર સામે રાખતા અને ડગલે ને પગલે તેનો દાખલો ટાંકતા : ''પ્રહ્‌લાદ જેવો નાનો બાળક પણ સત્યાગ્રહનું બળ બતાવી શકે છે. સત્યાગ્રહ કરવા માટે મલ્લ જેવું અંગબળ જોઈએ, અથવા રાજા જેવું સૈન્યબળ જોઈએ એવું કાંઈ નથી.''

## ૮. વૈષ્ણવ

ગાંધીજીને પૂછીએ કે આપ કયો ધર્મ પાળો છો? તો તેઓ કહેશે — વૈષ્ણવ ધર્મ.

ન સમજે તેને નવાઈ લાગે. ગાંધીજી હવેલીએ જાય નહીં, ઠાકોરજી ઘરમાં રાખે નહીં, છપ્પનભોગ ધરાવે નહીં, કંઠી ને માળા ધારણ કરે નહીં, જેનીતેની સાથે બેસીને ખાય —

એ વૈષ્ણવ કેમ કહેવાય?

ગાંધીજી કહેતા, 'મારે મન તો હું વૈષ્ણવ જ છું. નરસૈંયો વૈષ્ણવનાં લક્ષણ બતાવી ગયો છે તે વૈષ્ણવને હું ઓળખું છું અને તેવો વૈષ્ણવ થવા પ્રયત્ન કરી રહ્યો છું.'

વૈષ્ણવ જન તો તેને કહીએ
જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે
મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે
નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે,
ધન ધન જનની તેની રે.
વૈષ્ણવ૦

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી,
પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે
પરધન નવ ઝાલે હાથ રે.
વૈષ્ણવ૦

મોહ માયા વ્યાપે નહિ જેને,
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી,
સકળ તીરથ તેના તનમાં રે.
વૈષ્ણવ૦

વણલોભી ને કપટરહિત છે,
કામ ક્રોધ નિવાર્યાં રે;
ભણે નરસૈંયો, તેનું દર્શન કરતાં
કુળ એકોતેર તાર્યાં રે.

વૈષ્ણવ૦

## ૯. રેંટિયો

''હે પ્રભુ, મોત આપે ત્યારે એવું મોત આપજે કે એક હાથમાં રેંટિયાનો હાથો હોય, બીજા હાથમાં પૂણી રહી ગઈ હોય ને આંખો મીંચાઈ જાય.''

આવી પ્રાર્થના કોણ કરતું હતું ?

ગાંધીજી; બીજું તે કોણ હોઈ શકે ?

એમને રેંટિયો બહુ જ વહાલો હતો.

રેંટિયો રોજ કાંતવો જ એવું એમને વ્રત હતું. ગમે તેવું કામ હોય તોપણ ગાંધીજી રેંટિયો કાંત્યા વિના રહેતા નહીં.

મુસાફરીમાં હોય ત્યાંયે તેઓ રેંટિયો સાથે રાખતા અને ફુરસદ કાઢીને જરૂર કાંતતા. માંદા પડ્યા હોય અને અશક્તિ આવી ગઈ હોય તોયે તેઓ કાંતવાનો આગ્રહ રાખતા.

જેલમાં જાય ત્યાં પણ પોતાના પ્રાણસમા રેંટિયાને તેઓ સાથે જ લઈ જાય.

યરવડા જેલમાં ગાંધીએ બે ચક્રવાળા રેંટિયા ઉપર કાંતતાં કાંતતાં શોધખોળો કરી, અને તેમાંથી નાનો અને નાજુક, સુંદર અને મધુર 'યરવડા ચક્ર' જન્મ્યો.

રેંટિયો દેશનાં કરોડો ઉઘાડાંને ઢાંકી શકે છે અને ભૂખ્યાંને રોટી આપી શકે છે. રેંટિયાના સૂતરનો તાંતણો સ્વરાજ્ય લાવી શકે છે. તેથી ગાંધીજી તેને કામધેનુ કહેતા. અને તેના ગુંજારવમાં મીઠામાં મીઠું સંગીત સાંભળતા.

દેશના કરોડો દરિદ્રો પરસેવો ઉતારવા છતાં પેટ ભરીને પામતા નથી. તેમની સાથે એકતા કેમ અનુભવાય? તેઓની સાથે આપણે પણ કંઈક જાતમહેનત કરીએ જ. તેથી દરેક જણે રોજ અરધો કલાક રેંટિયો કાંતી દરિદ્ર દેશબંધુઓ સાથે એકતા અનુભવવી એવો ગાંધીજીનો ઉપદેશ છે.

ત્રિરંગી રાષ્ટ્રધ્વજમાં ગાંધીજીએ રેંટિયાનું ચિહ્ન અંકિત કરાવ્યું છે. કરોડો દરિદ્રોનું સ્વરાજ્ય તે જ સાચું સ્વરાજ્ય એમ તે જાહેર કરે છે.

## ૧૦. ગાંધીજી કેમ રહેતા હતા?

ગાંધીજી કેમ રહેતા હતા એ જાણવાની તમને ઇચ્છા છે? તેઓશ્રી રોજ સવારે ચાર વાગ્યે નિયમિત જાગતા. દાતણપાણી કર્યા પછી પ્રાર્થના કરતા. પ્રાર્થના પછી કસરત દાખલ થોડું ફરવા જતા.

પાછા ફરતાં તેઓ આશ્રમમાં કોઈ માંદા હોય તેમને જોઈ આવતા.

પછી તેઓ રસોડામાં જઈ પોતાને ભાગે આવેલું શાક સમારવાનું કે એવું કામ કરતા, અને નાસ્તો લેતા.

પછી તેઓ કોઈને મળવા આવવા બોલાવ્યા હોય તેમની સાથે વાતચીત કરતા, અથવા ટપાલમાં પત્રો આવ્યા હોય તો તેના જવાબો આપતા, અથવા 'નવજીવન' માટે લેખો લખતા હતા.

ભોજનના સમયે પીરસવાનું કામ તો તેમનું જ.

બપોરે તેઓશ્રી નિયમિત રેંટિયો કાંતતા. ઓછામાં ઓછું એક કલાક

કાંતવું અને ઓછામાં ઓછા ૧૬૦ તાર કાંતવા એવો તેમનો નિયમ હતો.

સાંજે તેઓ સૂર્યાસ્ત પહેલાં ભોજન કરી લેતા અને ભોજન કરી થોડુંક ફરવા જતા.

સાંજે સાત વાગ્યે પ્રાર્થનાનો ઘંટ થાય તે સાથે ફરીને પાછા આવી પહોંચ્યા હોય જ.

વળી તેઓ સમયપત્રક પ્રમાણે બહેનોના વર્ગમાં અથવા વિદ્યાર્થીઓના વર્ગમાં અથવા બાલમંદિરમાં જઈને શીખવવાનું પણ રાખતા હતા.

આમ આખો દિવસ કામ કરી ગાંધીજી રાત્રે નવ વાગ્યે સૂઈ જતા. પણ ઘણી વાર કામ એટલું બધું હોય કે બહુ મોડે સુધી જાગીને પૂરું કરતા. આમ મોડા સૂતા હોય તોયે સવારમાં ચાર વાગ્યે જાગવાનું, એમાં તો ફેર ન જ પડે.

## ૧૧. સત્યાગ્રહીની દિનચર્યા

સત્યાગ્રહીની દિનચર્યા કેવી હોય તે જોઈ ?

એમાં એક પળ પણ આળસમાં ગાળેલી જોવામાં નહીં આવે.

ગાંધીજીની દિનચર્યામાં બીજી ખૂબી એ હતી કે તેઓ પોતાના દિવસના કામનું સમયપત્રક બનાવતા અને તે પ્રમાણે મિનિટેમિનિટ ઉતારતા. જે કામને માટે જે કલાક નક્કી થયો હોય તે કામ તે જ કલાકે શરૂ કરતા અને તે જ કલાકે પૂરું કરતા. પોતાનો આખો દિવસ તેઓ ઘડિયાળને કાંટે પસાર કરતા હતા.

દિવસે શું શું કામ ક્યારે કર્યું એની રોજનીશી પણ તેઓ રાખતા અને રાત્રે સૂતાં પહેલાં તે જોઈ જતા હતા.

## ૧૨. મૌનવાર

ગાંધીજી દર સોમવારે મૌન પાળતા એટલે તે દિવસે તેઓ બોલતા ન હતા. ગમે તેવું કામ આવી પડે તોયે મૌન તોડે નહીં. જરૂર પડે તો કાગળમાં લખી કહેવું હોય તે કહે, પણ બોલે તો નહીં જ.

અઠવાડિયામાં એક દિવસ આવું મૌન રાખવાથી તેમને ઘણી શાંતિ મળતી. તે દિવસે વાતોચીતો કરવાની હોય નહીં, સભાઓમાં ભાષણો

કરવાનાં હોય નહીં એટલે રખડપટ્ટી પણ તે દિવસે આપોઆપ બંધ રહેતી.

મૌનવારની શાંતિમાં તેઓને સારી પેઠે આરામ મળતો, પણ આરામનો ઉપયોગ તેઓ કેવો કરતા?

ગાંધીજી કાંઈ આરામનો દિવસ ઊંઘીને તો કાઢે જ નહીં. આખા અઠવાડિયાનું ઢગલો કામ ચડચું હોય તે બધું મૌનની શાંતિમાં પતાવીને તેઓ હળવા થતા.

મૌન રાખવાથી કામ કરવામાં કેવો આનંદ આવે છે એનો અનુભવ લઈ જોવા જેવો છે.

## ૧૩. ગાંધીજીની ખાસિયતો

ગાંધીજીની કેટલીક ખાસિયતો જાણવા જેવી છે.

તેઓ કદી ધીરા ધીરા ચાલતા નહોતા, પણ હમેશાં ચેતનથી ચાલતા.

તેઓ કદી ઢીલા બેસતા નહોતા. હમેશાં ટટ્ટાર અને સ્થિર આસન લગાવીને બેસતા.

તેઓ ટેબલ પર અઢેલીને લખતા નહોતા. ટટ્ટાર બેસી ઘૂંટણ પર કાગળ રાખીને જ લખતા.

તેઓ લખેલું ફરીથી વાંચ્યા વગર આગળ જવા દેતા નહોતા. પોસ્ટકાર્ડ લખે તોપણ વાંચી, સુધારાવધારા કરવા ઘટે તે કરી પછી જ ટપાલમાં નાખતા.

તેઓને સ્વચ્છતા અને સુઘડતા ઘણી જ પ્રિય હતી, તેથી તેમનાં કપડાંલત્તાં અને બીજી ચીજો હમેશાં ઘણી જ સ્વચ્છ અને ટાપટીપથી રહેતી હતી.

જે કાંઈ કામ કરતા તે ગાંધીજી ઝીણવટથી કરતા.

ગાંધીજી કોઈ દિવસ ફોટો પડાવવા બેસતા નહીં.

ગમે તેવા કામમાં હોય પણ કોઈ બાળારાજા આવી ચડે તો ગાંધીજી જરા ગેલ કરી લીધા વિના ભાગ્યે જ રહેતા.

વાતચીત કરતાં ગાંધીજી ખડખડાટ હસીને ફૂલ વેરતા.

# ૧૪. આશ્રમ – ૧

ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરની નજીક સાબરમતી નદીને કાંઠે ગાંધીજીનો આશ્રમ છે.

આશ્રમમાં ગાંધીજી રહેતા, કસ્તૂરબા રહેતાં અને બીજાં ઘણાં ભાઈઓ, બહેનો, બાળકો અને બાલિકાઓ રહેતાં.

તેમાં ગુજરાતના હતા, મહારાષ્ટ્રના હતા, પંજાબના હતા, સિંધના હતા, મદ્રાસના હતા, નેપાળના પણ હતા. હિંદુસ્તાનના હતા ને હિંદુસ્તાન બહારના ગોરાઓ અને ચીનાઓ પણ આવીને રહેતા હતા.

તેઓ સૌ ખાદી પહેરતા અને નિયમિત રેંટિયો કાંતતા.

તેઓ સવારે ચાર વાગ્યે ઊઠી પ્રાર્થના કરવા ભેગાં થતાં અને પાછાં સાંજે પણ પ્રાર્થના કરવા ભેગાં મળતાં. ત્યાં તેઓ શ્લોકો બોલતાં. પંડિતજી ભજન ગવડાવે તે ગાતાં અને રામધૂન મચાવતાં. વળી તેઓ ગીતાનું પારાયણ પણ કરતાં. પ્રાર્થના પછી ગાંધીજી પ્રવચન કરતા.

આખો આશ્રમ એક રસોડે જમતો હતો. રસોઈમાં તેઓ મસાલા, મરચાં, હિંગ, વઘાર એવું એવું નાખતા નહોતા. પણ સાદો અને સ્વચ્છ ખોરાક બનાવતા અને નિયમિત વખતે સૌ સાથે મળીને અને શાંતિમંત્ર ભણીને જમતા. ઘણી વાર ગાંધીજી પોતે પીરસતા.

આશ્રમમાં હરિજનો સૌની સાથે રહેતા અને સૌની સાથે આશ્રમને રસોડે કામ કરતા તથા ભોજન લેતા.

આશ્રમમાં સ્વચ્છતાની ચીવટ બહુ રખાતી હતી. ગમે ત્યાં થૂંકાય નહીં, કાગળિયાં વેરાય નહીં, એઠવાડ ઢોળાય નહીં, લઘુશંકા થાય નહીં.

આશ્રમવાસીઓ જ્યાંત્યાં શૌચ જઈને જંગલ બગાડતા નહોતા. સુંદર હવા-અજવાળાવાળી ઓરડીઓમાં પાયખાનાં ગોઠવતા અને શૌચ ગયા પછી સ્વચ્છ માટી ઢાંકી દેતા. આશ્રમવાસીઓ જાતે આ પાયખાનાંની સફાઈ કરતા. આશ્રમની વાડી એ ખાતરને લીધે ખીલી ઊઠતી.

# ૧૫. આશ્રમ – ૨

ગાંધીજીના આશ્રમમાં એક છાત્રાલય હતું. તેમાં દેશદેશના વિદ્યાર્થીઓ રહેતા હતા. કોઈ કાંતતાં શીખતા, કોઈ પીંજતાં શીખતા, કોઈ હાથસાળ

પર ખાદી વણતાં શીખતા હતા. કોઈ વિદ્યાર્થીઓ વળી સુથારી કારખાનામાં રેંટિયા ઘડતાં શીખતા.

આશ્રમમાં છોકરા અને છોકરીઓ રહેતાં હતાં. તેઓ પણ આ બધા ઉદ્યોગો શીખતાં. તે સાથે તેઓ ભણતાં પણ ખરાં.

આશ્રમમાં બહેનોનો સ્ત્રીનિવાસ હતો. ત્યાં તેઓ રોજ એકઠાં મળીને પ્રાર્થના કરતાં, થોડી વાર અભ્યાસ કરતાં, અને કાંતે, પીંજે તો ખરાં જ. આશ્રમનું મોટું રસોડું આ આશ્રમવાસી બહેનો જ ચલાવતી. તેઓ વારાફરતી રસોઈ કરતી અને કોઠારમાં અનાજ સાફસૂફ કરતી.

આશ્રમમાં નાનાં નાનાં બાળકોનું બાળમંદિર પણ ચાલતું, પરંતુ તે માટે કાંઈ જુદા શિક્ષકો રખાય? ના. બાલમંદિર આશ્રમવાસી બહેનો જ ચલાવતી.

આશ્રમમાં સુંદર ગૌશાળા હતી અને તેમાં ઘણી ગાયો હતી. આશ્રમમાં આ ગાયોનું દૂધ વપરાતું.

આશ્રમમાં એક નાનુંસરખું ચર્માલય પણ કાઢ્યું હતું. તેમાં મૂએલા ઢોરનું ચામડું કેળવે. કતલ કરેલાં ઢોરનું ચામડું પહેરવું એ કતલમાં સાથ આપ્યા બરોબર થાય, તેથી આશ્રમવાસીઓ આ અહિંસક ચામડાના જોડા, ચંપલ વગેરે વાપરતા.

આશ્રમમાં ખેતીવાડી પણ થતી હતી. તેમાં ફળઝાડો કર્યાં હતાં, જાતજાતના કપાસના છોડ ઉછેર્યા હતા અને શાકભાજી પણ કરતા. ખેતરમાં અનાજ અને કપાસ થતાં હતાં.

આ બધાં કામકાજમાં આશ્રમવાસી ભાઈઓ, બહેનો અને બાળકો ભાગ લેતાં હતાં. તેઓ વારા પ્રમાણે રસોડામાં કામ કરતાં, પાણી ભરતાં, વાસણ માંજતાં, વાળતાં, ગૌશાળાનું વાસીદું કરતાં, પાયખાનાં સાફ કરતાં અને વાડીમાં કામ કરતાં હતાં.

ઊગ્યાથી આથમ્યા સુધી ગાંધીજીનો આશ્રમ મધપૂડાની જેમ ઉદ્યોગથી ગુંજી રહેતો. ગાંધીજીએ તેનું નામ 'ઉદ્યોગમંદિર' પાડ્યું એ તદ્દન યોગ્ય હતું.

# ૧૬. નોકર

પાણી ભરવું, વાસણ માંજવાં, વાળવું, દળવું, રાંધવું, કપડાં ધોવાં, કાંતવું, પાયખાનું સાફ કરવું — આ બધાં કામો લોકોમાં હલકાં મનાય છે. તેઓને વખત મળતો નથી એમ નથી, પણ આ કામો હલકાં માણસોનાં છે એમ તેઓ માનતા અને તેથી તે કરવા માટે નોકરો રાખતા અને નોકરોને નીચા ગણી તેમની સાથે તોછડાઈથી વર્તતા.

ગાંધીજી કોઈ કામને હલકું ગણતા નહોતા. આશ્રમ કાઢ્યો તે પહેલાં પણ તેમના વિચારો આ જાતના હતા. તેમના ઘરમાં નોકર ન જ રાખતા એમ નહીં. પણ નોકર સાથે નોકર તરીકે તેઓ કદી વર્તતા નહીં.

તેઓ બહુ નાના હતા ત્યારે તેમના ઘરમાં રંભા નામની એક કામવાળી હતી. ગાંધીજી એ બાઈને સગી માની જેમ યાદ કરતા. નાનપણમાં રંભાએ એમને એમ શીખવેલું કે બીક લાગે ત્યારે રામનું નામ લેવાથી બીક ઊડી જાય છે. આ ઉપદેશ ગાંધીજી ભૂલ્યા નહોતા.

બારિસ્ટર થયા પછી ગાંધીજીએ મુંબઈમાં થોડો વખત ઘર વસાવ્યું હતું. તે વખતે તેમણે રસોઈ માટે એક બ્રાહ્મણ નોકર રાખ્યો હતો. પોતે વિલાયત જઈ આવેલા અને રોફમાં અને અંગ્રેજી ઠાઠથી રહેતા છતાં નોકરને નોકર તરીકે ન ગણતા. અરધું મહારાજ રાંધે, અરધું પોતે રાંધે. મહારાજને શીખવતા જાય, એક પંગતે બેસી તેની સાથે જમતા. નોકર તરીકે કશો ભેદ રાખતા નહોતા.

દક્ષિણ આફ્રિકામાં તેમની કમાણી મોટી હતી અને ઘરખટલો ભારે હતો છતાં પાયખાનું સાફ કરવું, કપડાં ધોવાં, એવાં બધાં કામો ગાંધીજી અને કસ્તૂરબા હાથે કરતાં. ઘરમાં નોકરો અને મહેતાઓ ઘણા હતા, પણ તે સૌને ઘરમાં ઘરના માણસો તરીકે તેઓ પોતાની સાથે રાખતા. આશ્રમવાસી થયા પછી તો બધાં કામો હાથે કરવાં, નોકર ન રાખવા એવો નિયમ જ કર્યો. જેને સેવા અર્થે જીવવું છે તેને વળી નોકર શા ને શેઠ શા ?

## ૧૭. આ કાંઠે ગંગા ને પેલે કાંઠે જમના

ગોકુળિયાનું ગીત આવડે છે ?

આણે કાંઠે ગંગા વ્હાલા,
પેલે કાંઠે જમના રે;
વચમાં ગોકુળિયું રૂડું ગામ –
રૂડું ગામ –
રૂડું ગામ રે!

ગાંધીજીના આશ્રમનુંયે તેવું છે. એની એક તરફ સાબરમતી જેલખાનું છે અને બીજી તરફ દૂધેશ્વર સ્મશાન છે.

સત્યાગ્રહીઓને શોભે એવું જ સ્થાન ગાંધીજીએ ખોળી કાઢ્યું. સત્યાગ્રહીને જેલનોયે ભય નહીં અને મૃત્યુનોયે ભય નહીં. બંને તેનાં વહાલાં પડોશીઓ!

આશ્રમવાસીઓને જેલ ચીંધીને ગાંધીજી કહેતા, કોઈ દિવસ આપણે ત્યાં રહેવા જવાનું છે માટે ત્યાંના કેદીઓ જેવી સખત જિંદગી ગાળતાં શીખી જાઓ.

દૂધેશ્વર બતાવીને તેઓ કહેતા, જ્યાં આપણે રોજ ફરવા જઈએ છીએ ત્યાં જતાં આપણને ભય શો? માટે દેશ માટે મરવાને હમેશાં તૈયાર રહો.

આવા સ્થાને કોણ રહેવા આવે? જેમને દેશસેવાના પાઠ લેવા હોય, જેમને ગાંધીજીનો સત્સંગ લેવો હોય; જેમને પવિત્ર અને ઉદ્યમી જીવન ગાળવું હોય તેઓ જ.

## ૧૮. બાળ-લાકડી

ગાંધીજી ફરવા જતા ત્યારે કેટલાંક બાળકો તેમની સાથે જોડાઈ જતાં અને બાપુજી સાથે ગપ્પાં હાંકવાની મજા મેળવતા.

બાપુજીની સાથે ફરવા જવામાં એક ખરેખરી મજા તો બીજી જ હતી. ચાલતાં ગાંધીજીને લાકડીનો જરા ટેકો જોઈએ ને? આ બાળકો તેમના પડખામાં ભરાઈ જાય અને બાપુજીના હાથ પોતાના ખભા ઉપર ઝીલતા.

આમ બે તરફ બે જીવતી લાકડીઓ અને વચ્ચે બાપુજી વાતો કરતા જાય અને હવા ખાતા જાય.

ગાંધીજી એમને પોતાની બાળ-લાકડીઓ કહેતા અને આશ્રમમાં બાળકોને ઘણા દિવસ બાપુજીની લાકડી થવાનું મળ્યું ન હોય તો તેમને ગમતું નહોતું.

પણ બાળ-લાકડી થવું સાવ સહેલું ન સમજશો.

ગાંધીજી ઘરડા એટલે ધીરે ધીરે ડગુમગુ ચાલતા હશે એમ કોઈ રખે ધારી લેતા. એમને તો 'કદમ જોશ' ચાલથી ચાલવાની ટેવ હતી. બાળ-લાકડીઓ બહુ નાની હોય તો બિચારીઓને દોડવું જ પડે.

વળી ફરવાની મજામાં અને વાતોની લહેરમાં બાળ-લાકડીઓને પ્રાર્થનાના સમયનું ભાન ન રહેતું, પણ બાપુજી થોડા જ ભૂલે? વખત થવા આવ્યો હોય તો ગાંધીજી માંડે દોડવા. પછી બાળ-લાકડીઓને પણ દોડ્યા વગર છૂટકો?

# ૧૯. પોશાકનો ઈતિહાસ

પહેલાં ગાંધીજી કોટ, પાટલૂન અને ટોપો પહેરતા. પછી તેમણે પહેરણ અને લુંગી પહેર્યાં. ત્યાર પછી તેઓ ધોતિયું, અંગરખું તથા ફેંટો ધારણ કરવા લાગ્યા.

તે બાદ ગાંધીજીએ ખાદીની પોતડી, ખાદીનું પહેરણ અને ખાદીની ટોપી પહેર્યાં. પાછળથી તેઓ કેવળ કચ્છ પહેરતા.

પોશાકમાં આવા ફેરફારો ગાંધીજીએ કેમ કર્યા એ જાણવા જેવું છે.

તેઓશ્રી જુવાનીમાં દક્ષિણ આફ્રિકામાં રહેવા ગયા હતા. ત્યાં વકીલાત કરતા અને બધા વકીલ-બારિસ્ટરોની જેમ પરદેશી ઢબનો પોશાક પહેરતા.

પણ એ દેશમાં હિંદીઓનું પારાવાર અપમાન થતું હોવાથી ગાંધીજીએ આપણી પ્રજાને કેળવી સત્યાગ્રહ કર્યો.

એમની સેનામાં ગરીબ હિંદી મજૂરો હતા. તેમની સરદારી લેવી અને એમના કરતાં સારો પોશાક પહેરવો, સારો ખોરાક ખાવો એ કેમ ફાવે? અને ગાંધીજી જેવા સત્યાગ્રહી સરદારથી તો એ ભેદ કેમ જ સહન થાય?

તે વખતથી તેમણે નિશ્ચય કરી નાખ્યો કે મારા મજૂર ભાઈઓ જેવાં જ કપડાં હું પહેરીશ.

હવે એ સત્યાગ્રહી સૈન્યના સરદારે પણ લુંગીપહેરણ પહેર્યાં અને પરદેશી ઢબનાં કોટ-પાટલૂનને વિદાય આપી.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં હિંદીઓની જીત થયા પછી ગાંધીજીએ વિચાર્યું કે હવે દેશમાં જઈ ભારતમાતાની સેવા કરવી.

દેશમાં જઈને કેવો પોશાક રાખવો? ગાંધીજી તો સત્યાગ્રહી રહ્યા અને આવી ઝીણી વાતમાં પણ સત્યની શોધ કરીને જ પગલું ભરનાર રહ્યા. તેમને ફાવે તેવો પોશાક પહેરીને દેશમાં ઊતરવું પસંદ કેમ હોય? ઘરને આંગણે આવીને વિલાયતી કોટ-પાટલૂન પહેરવાનાં તો હોય જ નહીં. લુંગી પણ પરદેશમાં લુંગીધારી લોકો સાથે પહેરી તે શોભી, પણ તેયે દેશમાં ન શોભે.

વિચાર કરતાં તેમણે નિશ્ચય કર્યો કે જન્મભૂમિ કાઠિયાવાડનો પોશાક પહેરીને જ હિંદભૂમિને કિનારે ઊતરીશ.

એ રીતે હિંદુસ્તાન પાછા ફર્યા પછી ગાંધીજી ધોતિયું-અંગરખું પહેરતા, ખભે ખેસ રાખતા અને માથે ધોળો ફેંટો બાંધતા.

## ૨૦. ખાદી

પહેલાં ગાંધીજીને રેંટિયો ક્યાં જડ્યો હતો? તે વખતે કાંતતાં કોને આવડતું હતું? તે વખતે શુદ્ધ ખાદીમાંયે કોણ સમજતું હતું?

એ બધું પાછળથી સમજાયું. તે પહેલાં ગાંધીજી સ્વદેશી મિલના કાપડમાંથી કપડાં કરાવતા.

પછી વળી કેટલાક હાથસાળ ઉપર વણતાં શીખ્યા ને તેના પર વણાયેલું જાડું કાપડ ગાંધીજી પહેરવા લાગ્યા, પણ હાથસાળમાં સૂતર તો મિલનું જ હતું. હાથનું કાંતેલું સૂતર ક્યાંથી લાવે?

એમ કરતાં કરતાં માંડ માંડ ગંગાબહેન મજમુદાર મળી ગયાં. તેમની મદદથી ગાંધીજીને રેંટિયો હાથ આવ્યો.

પછી તો ઘણા કાંતતાં શીખી ગયા અને રેંટિયે કાંતેલું સૂતર વણાવા પણ લાગ્યું.

હવે ગાંધીજી મિલના સૂતરનું કાપડ શાના વાપરે? શુદ્ધ ખાદીનાં જ લૂગડાં ત્યારથી તેમણે પહેરવા માંડ્યાં.

તેઓ ખાદીનાં લૂગડાં પહેરવા લાગ્યા ખરા, પણ પૂરાં લૂગડાં પહેરતા.

એટલે ખાદીનું લાંબું ધોતિયું હોય, પહેરણ હોય અને તેની ઉપર લાંબી બાંયનું અંગરખું હોય, માથે ખાદીનો લાંબો ફેંટો અને ખભે ખાદીનો લટકતો ખેસ હોય.

એટલાં બધાં લૂગડાં પહેરીને ફરવું તેમને ગમે તો નહીં, પણ સભ્યતા ખાતર પહેર્યા કરતા.

પણ એક પ્રસંગ બન્યો. ગાંધીજીને થઈ ગયું કે ખોટી સભ્યતાને ખાતર હું આટલાં નકામાં કપડાં કેમ પહેરી શકું!

એ પ્રસંગમાંથી જ ખાદીની ટોપીનો જન્મ થયો.

# ૨૧. ખાદીની ટોપી

અમદાવાદની મિલોના મજૂરોને શેઠિયાઓ સાથે તકરાર પડી.

તેમણે હડતાળ પાડી. એમની આગેવાની અનસૂયાબહેને લીધી અને અનસૂયાબહેન આગેવાની લે તેમાં ગાંધીજી તો હોય જ ને?

લડત લગભગ મહિનો ચાલી. ગાંધીજી રોજ મજૂરો પાસે જાય અને તેમને રોજ બોધ આપે.

ગરીબ મજૂરોના રોજ પડયા કરતા હતા, તેમને ખાવાના સાંસા હતા, છતાં તેઓ ઉત્સાહથી ગાંધીજીનો ઉપદેશ સાંભળવા આવતા અને હડતાળ પર અડગ રહ્યા હતા.

દિવસે દિવસે ગાંધીજી મજૂરોમાં અને મજૂરો ગાંધીજીમાં જાણે તદાકાર થતા ચાલ્યા.

ભેદ જેવું દેખાતું તે ગાંધીજીને ડંખવા લાગ્યું. ''આ મજૂરોને પહેરવાનાં ચીંથરાંના સાંસા ને મારે શા માટે આટલાં બધાં કપડાં? મારા આ લાંબા ફેંટામાંથી તો દસ ટોપીઓ થાય અને દસ માણસોનાં માથાં ઢંકાય.''

ત્યારથી તેમણે ફેંટો ઉતારી ધોળી ટોપી શરૂ કરી. ધોતિયું ટૂંકું કર્યું, લાંબું અંગરખું નકામું ગણીને ઉતારી નાખ્યું અને ટૂંકા પહેરણથી ચલાવ્યું. આ પ્રમાણે મજૂરો સાથે પોતાની એકતા સાધી ત્યારે ગાંધીજીનો સત્યાગ્રહી આત્મા સંતોષ પામ્યો.

# ૨૨. ધોળી ટોપી

ગાંધીજીએ ધોળી ટોપી પહેરવા માંડી ત્યારે લોકોને પ્રથમ બહુ નવાઈ લાગી.

''ધોળી ટોપી? અરે પણ ટોપી તે ધોળી હોય? રાતી હોય, લીલી હોય, પીળી હોય, કાળી હોય પણ ધોળી ટોપી તે વળી હતી હશે?''

''અલ્યા જુઓ તો ખરા, ગાંધીજીએ ધોળી ટોપી પહેરી!'' એમ કહી લોકો હસે. કોઈ કહેશે, ''આ તો જાણે કાશીના ચોબા જેવી ટોપી!''

પણ લોકો હસે તેથી ગાંધીજી કાંઈ ડગે? ''ભલે તેમની આંખને ધોળી ટોપી ભૂંડી દેખાય, પણ ખાદી નકામી જતી ઊગરે છે ને?''

કોઈ કહે, ''ખાદીની ટોપી પહેરો એની ના નથી, પણ રંગીન પહેરો તો ઝટ મેલી ન થાય ને?''

ખરી રીતે મેલ તો ધોળીને લાગે તેવો કાળીને પણ લાગે, પણ કાળામાં કાળું મળી જાય તેથી મેલ દેખી ન શકાય.

ગાંધીજી કહે, મેલ ઢાંકવા રંગ ચડાવીએ એના કરતાં મહેનત લઈને ધોઈ જ ન કાઢીએ? ધોળી ટોપી રોજ ધોવાય ને રોજ સાફ થાય. મેલ ચડવા જ શા માટે દઈએ!

# ૨૩. ધોળી ટોપી જીવી ગઈ

ધોળી ટોપી લાંબું આયુષ્ય લઈને જન્મી હતી અને એના જનક ગાંધીજી જેવા અડગ સત્યાગ્રહી, પછી ગમે તેટલો વિરોધ નડે તોય કેમ મરે?

એ ન જ મરી અને દિવસે દિવસે ફૂલતી ને ફાલતી જ ચાલી.

ધીમે ધીમે હસનારા ચૂપ થઈ ગયા. સૌને ધોળી ટોપી ફાવી ગઈ. સૌને તે ગમી ગઈ.

ગરીબ માણસોએ સસ્તી દીઠી તેથી તેને ધારણ કરી.

ચોખ્ખા માણસોએ રોજ ધોઈને સાફસૂફ રાખી શકાય એમ ધારીને તે પહેરી.

કવિઓ અને કળાકારો પણ ધોળી ટોપી પહેરીને વખાણવા લાગ્યા કે ખરી સુંદરતા આમાં જ છે, અરસિક કાળાં ડબલાં કોણ પહેરે?

સ્વયંસેવકોનો તો તે રાષ્ટ્રીય પોશાક થઈ પડી. છોકરાઓ ધોળી ટોપી

પહેરવામાં અભિમાન લેવા લાગ્યા, કારણ કે તે પહેરીને તેઓ ભારતમાતાના સૈનિક જેવા દેખાય.

એમ કરતાં કરતાં ખાદીની ધોળી ટોપીનું નામ છપાઈ ગયું — 'ગાંધી ટોપી !'

## ૨૪. ગાંધી ટોપી

શેઠ — મહેતાજી, હવેથી તમારે ગાંધી ટોપી પહેરીને ન આવવું.

નોકર — શેઠ, તમે તો ન પાળી શકાય એવો હુકમ કરો છો.

શેઠ — તે તમે જાણો, પણ અમારે ત્યાં ગાંધી ટોપી નહીં ચાલે.

નોકર — પણ મારે ખાદીનાં કપડાં પહેરવાનું વ્રત છે તે હું કેમ છોડું ?

શેઠ — તમને ખાદી પહેરવાની કોણ ના કહે છે ? તેને કાળી રંગાવી લો એટલે બસ.

નોકર — તો પછી મને ધોળી ગમે ને હું ધોળી પહેરું તેમાં વાંધો શા માટે લો છો ?

શેઠ — નોકરી કરવી હોય તો કહીએ તેમ કરો. ધોળી ટોપી પહેરીને તમે સ્વયંસેવક જેવા દેખાઓ છો. અમારે ત્યાં સ્વયંસેવક રાખ્યો છે એમ કોઈ જાણે તો અમને ભારે નુકસાન થાય.

નોકર — શેઠ, એ કંઈ સમજાતું નથી. તમારી નોકરી હું પ્રામાણિકપણે કરું, પછી હું ધોળી ટોપી પહેરું એથી તમને શી રીતે નુકસાન થાય ?

શેઠ — જુઓ મહેતાજી, મારી સાથે ઠાલા માથું ન ફોડો. આ ગાંધી ટોપી છે અને અમારે ત્યાં ગાંધી ટોપીવાળો હોય તો ઘણાને અમારા ઉપર શક જાય.

નોકર — એમાં શક કેવી રીતે જાય ? ગાંધીજી તો અમારા દેશના સૌથી પવિત્ર પુરુષ છે.

શેઠ — તે હશે, પણ ગાંધી ટોપી કાઢીને જ કાલથી નોકરી પર આવજો.

નોકર — ટોપી તો કાઢી નહીં શકું.

શેઠ — તો તમે નોકરીથી છૂટા છો.

નોકર — જેવી તમારી મરજી.

શેઠ — જોજો પછી પસ્તાશો. આવી સૂતકિયા ટોપીને ખાતર નોકરી ગુમાવી બેસો છો.

નોકર — શેઠ, તમારી સલાહ માટે આભાર, પણ હું પેટ માટે દેશનું અને ગાંધીજીનું અપમાન સહન કરવા માગતો નથી. સાહેબજી!

ઉપરનો સંવાદ તો જોડી કાઢેલો છે, પણ સરકારી કચેરીઓમાં, પરદેશી વેપારીઓની પેઢીઓમાં અને થોડા હિંદી વેપારીઓની પેઢીઓમાં પણ આવા સાચા બનાવો બન્યા હતા.

બહાદુર નોકરોએ નોકરીનો ભોગ આપ્યો, પણ ગાંધી ટોપી ઉતારી નહીં.

ગાંધી ટોપીની કિંમત આમ તો ફક્ત ચાર જ આના ગણાય, પણ હવે તો તેના ઉપર એટલી બધી કિંમતો ચડી ચૂકી છે કે તે અમૂલ્ય થઈ પડી છે.

પહેલી કિંમત તો એ કે તે ટોપીની શરૂઆત ગાંધીજીએ કરી.

બીજી કિંમત એ કે તે પવિત્ર ખાદીની બની.

ત્રીજી કિંમત એ કે તે હમેશાં બગલાની પાંખ જેવી સ્વચ્છ રાખી શકાતી.

ચોથી કિંમત એ કે તે સુંદર હતી.

પાંચમી કિંમત એ કે તે હલકી, સાદી અને સસ્તી હતી.

છઠ્ઠી કિંમત એ કે તે આપણા રાષ્ટ્રીય પોશાકનું પદ પામી હતી.

સાતમી કિંમત એ કે તેનું નામ ગાંધી ટોપી એવું છપાઈ ચૂક્યું હતું.

અને મોટામાં મોટી કિંમત એ કે તેને ખાતર ઘણા દેશભક્તોએ ભોગ આપ્યા.

આવી અમૂલ્ય ગાંધી ટોપી પહેરતાં કોને અભિમાન ન થાય?

## ૨૫. એકલું પહેરણ

ગાંધીજીનો પાડ માનો કે આપણને એકલું પહેરણ પહેરીને ફરવાની છૂટ કરી આપી.

પહેલાં તો?

ઓ બાપ રે! સૌથી નીચે ગંજીફરાક, તેના ઉપર ખમીસ, તેના ઉપર જાકીટ અને તેના ઉપર કોટ!

આટલો બધો ઠઠારો અને ઉપરથી બપોરનો ઉકળાટ. શરીર તો અંદર બટાટાની માફક બફાય અને પરસેવે ગંધાઈ ઊઠે. પણ એ બધો પોશાક સજ્યા વિના ઘર બહાર નીકળવાની હિંમત કોની ચાલે!

કોટ ન પહેર્યો હોય તો અધૂરો પોશાક ગણાય! તાપ ન ખમાય તોયે કોટ પહેરવો જ પડે! ત્યારે જ પૂરો પોશાક પહેર્યો કહેવાય.

કોટ વિના નિશાળમાં જઈએ તો પેસવા ન દે. કહે, અધૂરા પોશાકે નિશાળમાં આવવાની મનાઈ છે.

કોટ વિના કોરટ-કચેરીમાં જાય તો ઊભા ન રહેવા દે. કહે, આવા જંગલી માણસનું અહીં કામ નહીં.

બધા બફાઈ મરતા હતા, પણ જંગલીમાં ખપવાની હિંમત કોણ કરે?

સત્યાગ્રહી ગાંધીજીએ એ હિંમત કરી અને એકલું પહેરણ પહેરીને ફરવાની પહેલ કરી.

લોકો હસવા લાગ્યા. ગાંધીજી કહેતા, હસે તેને હસવા દો. પણ આપણા ગરમ દેશમાં એટલાં બધાં લૂગડાં લાદવાં એ જંગલીપણું છે. આપણા ગરીબ દેશમાં એટલાં બધાં નકામાં લૂગડાં પહેરવાં એ પાપ થાય છે.

પછી તો સૌને એકલું પહેરણ પહેરીને ફરવાની હિંમત આવી. શાળાના છોકરાઓ રાજી રાજી થયા. ખાદીનું પહેરણ અને ખાદીની ટોપી એ આપણો રાષ્ટ્રીય પોશાક બની ગયો.

## ૨૬. ભાષાઓનું જ્ઞાન

ગાંધીજીને ઘણી ભાષાઓ આવડતી હતી. તેઓ એક પણ ભાષા પંડિતમાં ખપવા માટે શીખ્યા નહોતા, પણ બધી જ સેવા ખાતર શીખ્યા હતા.

ગુજરાતી તો માતૃભાષા જ રહી.

અંગ્રેજી તેમને નિશાળમાં મોકલી માબાપે ભણાવી અને આગળ ઉપર વિલાયત અને દક્ષિણ આફ્રિકાના વસવાટથી તે પાકી થઈ.

દક્ષિણ આફ્રિકામાં તેમને મુસલમાનો વચ્ચે વસવાનું અને કામ કરવાનું હતું. આથી તેઓની સેવા કરતાં કરતાં તેમને ઉર્દૂ બોલતાં આવડી ગયું.

તે જ પ્રમાણે એ દેશમાં મદ્રાસી મજૂરો તેમની આગેવાની નીચે મોટી સંખ્યામાં સત્યાગ્રહમાં ભળ્યા હતા. તેમની સેવા કરવા ખાતર ગાંધીજીએ થોડુંઘણું તામિલ ભાષાનું જ્ઞાન મેળવી લીધું.

Acc. No. 130434

હિંદુસ્તાનમાં પોતાનો સંદેશો પહોંચાડવા તેઓએ અનેક વાર ભ્રમણ કર્યું હતું. તે માટે તેમને રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીની કિંમત બરાબર સમજાઈ હતી. કોઈ પણ પ્રાંતમાં જતા ત્યાં તેમની હિંદુસ્તાની વાત લોકો સમજી લેતા. પહેલાં તેમનું હિંદુસ્તાની ઘણું કાચું હતું, પણ હવે તેમણે તે સારી પેઠે સુધારી લીધું હતું.

ગાંધીજી આ બધી ભાષાઓ ભણીને શીખ્યા હતા એમ નહીં કહેવાય. તે તેમને અનુભવથી આવડી હતી. છતાં પોતાની ભાષાઓ સુધારવા વખત મળે ત્યારે તેઓ પ્રયત્ન પણ કરવાનું ચૂકતા નહોતા.

લાંબા જેલવાસો દરમિયાન તેમણે તામિલ તેમ જ ઉર્દૂ પાછળ ખાસ મહેનત લીધી.

મરાઠી ભાષા ગાંધીજીને આવડતી હતી એમ ન કહેવાય, પણ દક્ષિણ આફ્રિકામાં એક વાર તેમણે ગોખલે પાસે મરાઠીમાં ભાષણ કરાવી તેનો તરજુમો પોતે કર્યો હતો! ત્યાર પછી તો યરવડા જેલમાં અને સેગાંવમાં રહ્યા એટલે મરાઠીમાં તેમણે ઘણી વધારે પ્રગતિ કરી હતી.

સંસ્કૃત તેઓ નાનપણમાં શાળામાં થોડું થોડું શીખેલા. પાછળથી જેલની અંદર તે ભાષામાં તેમણે પ્રગતિ કરી લીધી.

ઇંગ્લંડમાં ભણવા રહેલા તે દરમિયાન ગાંધીજીએ યુરોપની જૂની ભાષા લૅટિનનું તથા યુરોપની રાષ્ટ્રભાષા જેવી ફ્રેન્ચ ભાષાનું કામચલાઉ જ્ઞાન મેળવી લીધું હતું.

માતૃભાષા ગુજરાતીને ગાંધીજીએ ઘણી જ ખીલવી હતી. તેમની વાણી આડંબર વિનાની, સાચી, સીધી, તેજસ્વી અને લાગણીથી નીતરતી હતી.

## ૨૭. ખોરાકના પ્રયોગો

ગાંધીજીને ખોરાકના પ્રયોગો કરવાનો નાનપણથી શોખ હતો. તેમણે પોતાના જીવનમાં તેવા પાર વિનાના પ્રયોગો કર્યા હતા, અને તે તેમણે પોતાની જાત ઉપર અજમાવ્યા હતા અને તેમ કરતાં અનેક વાર જીવનું જોખમ વહોર્યું હતું.

તેમનો મોટામાં મોટો પ્રયોગ દૂધ સંબંધનો હતો. પશુનું દૂધ પીવું એમાં ગાંધીજી એક પ્રકારનો અધર્મ અને હિંસા જોતા હતા. બચ્ચા માટે ઈશ્વરે સરજેલો આહાર આપણે છીનવી લેવો એ મોટું પાપ ગણવું જોઈએ.

વળી દૂધ ખાવું એ એક પ્રકારનો સૂક્ષ્મ માંસાહાર જ કહી શકાય. આવા વિચારો મજબૂત થતાં ગાંધીજીએ ખોરાકમાંથી દૂધનો ત્યાગ કરવાનું વ્રત લીધું હતું.

ઘણાં વર્ષો સુધી દૂધ વિના ચલાવ્યા પછી તેમનું શરીર એક વાર જીવલેણ માંદગીનો ભોગ થઈ પડ્યું. દૂધ લે તો જ કંઈક આશા છે એમ દાક્તરોએ જાહેર કર્યું. છેવટે પૂ. બાના આગ્રહથી ગાંધીજીએ બકરીનું દૂધ લેવાનું ચાલુ કર્યું.

ગાંધીજી અનુભવથી એમ માનતા કે દૂધ વિના માણસને ચાલી ન શકે. પણ તેઓ એમ પણ આશા સેવતા હતા કે એક દિવસ કોઈ વિજ્ઞાનશાસ્ત્રી જાગશે, જે વનસ્પતિમાંથી દૂધના જેવો જ ગુણવાળો ખોરાક સર્જી મનુષ્યજાતિને ભેટ ધરશે.

મીઠા સંબંધમાં પણ તેને બિનજરૂરી માની ગાંધીજીએ તેનો કેટલાંક વર્ષ સુધી ત્યાગ કર્યો હતો. પણ પાછળથી તેમને ખાતરી થઈ કે એ તત્ત્વની મનુષ્યના આહારમાં જરૂર છે એટલે ચાલુ કર્યું હતું.

ગાંધીજી માનતા હતા કે મનુષ્યનો સંપૂર્ણ અને સાચો ખોરાક ફળો જ છે. મનુષ્યના શરીરની રચના, તેના હાથપગના ઘાટ, તેના દાંત, તેની હોજરી — આ બધાનો સ્વભાવ જોતાં મનુષ્યને ઈશ્વરે ફળાહારી તરીકે જ સરજ્યો જણાય છે. મનુષ્યનો નજીકમાં નજીકનો ભાઈ વાનર — તેના આહાર ઉપરથી પણ આ જ અનુમાન મજબૂત થાય છે.

પરંતુ દેશની આજની સ્થિતિમાં દરિદ્રી ભારતવાસી ફળાહાર લાવે ક્યાંથી? ગાંધીજીએ સસ્તામાં સસ્તા પદાર્થો શોધી કાઢ્યા — મગફળી, ખજૂર અને કેળાં. આ ખોરાક ઉપર તેમણે ઘણાં વર્ષ ગુજારો કર્યો હતો.

ખોરાક પકવવાની બાબતમાં પણ ગાંધીજીને આપણી ચાલુ રીતો સંમત નહોતી. ખરી રીતે તો ખોરાક અગ્નિ વડે પકાવવાની જરૂર જ ન હોવી જોઈએ. વનપક ફળો, જેને સૂર્યે પોતાના તાપથી પકાવેલાં હોય છે, તે ઉપરાંત સાચા ખોરાકને વધારે પકાવવો એ તેને બગાડવા બરાબર છે.

એ વખતે ગાંધીજીને વિચાર સૂઝ્યો કે અનાજને જો પલાળીને લેવામાં આવે તો પકવવાના વખત અને ખર્ચમાંથી બહેનો ઊગરી જાય. પલાળેલું અનાજ ખૂબ ચાવીને ખાવું પડે અને રાંધેલા કરતાં તે પ્રમાણમાં ઓછું ખવાય. એ રીતે આ ગરીબ દેશને ઘણો ઉગારો થાય. પોતાની તબિયત

આ જોખમકારક અખતરા માટે લાયક ન હોવા છતાં તેઓએ તે પોતાની જાત ઉપર અજમાવ્યો. પણ થોડા માસ પછી એવો ખોરાક ન પચી શકે એવી ખાતરી થતાં તેમણે પ્રયોગ છોડી દીધો.

લોકો ડાંગરની કુશકી કાઢી ધોળો ફૂલ જેવો ભાત બનાવી રાજી થાય છે અને ઘઉં વગેરે અનાજનું ભૂસું ફેંકી દઈ સુંવાળો મેંદા જેવો લોટ વાપરે છે. ખરી રીતે આ કુશકી અને ભૂસું ખોરાક તરીકે ઘણું કીમતી છે અને તે ફેંકી દેવું એ તો કેરીનો રસ ફેંકી દઈ ગોટલો ચાવવા જેવું છે ! આ વસ્તુ સમજાઈ ત્યારથી ગાંધીજીએ કરડ અને જાડા લોટની હિમાયત કરવા માંડી.

ગાંધીજીની કાયા તો કાચના કંકણ જેવી થઈ ગઈ હતી, છતાં તેમનો ખોરાકના પ્રયોગો કરવાનો રસ ખૂટ્યો નહોતો. બારીક બારીક પ્રયોગો તો રોજ ચાલતા જ હતા.

## ૨૮. કુદરતી ઉપચારો

માંદગીમાં લોકો બેબાકળા થાય છે અને વૈદ્ય-દાક્તરોને ઘેર દોડે છે, અને દાક્તરોને જ પોતાના રક્ષણહાર માને છે. શરીર સાચવવાની પોતાની જાણે જવાબદારી જ ન હોય, ઈશ્વરે બક્ષેલું આ અમૂલ્ય યંત્ર સમજી લેવાની જાણે પોતાની ફરજ જ ન હોય એમ આપણે વર્તીએ છીએ. અને માંદગીમાંથી સાજા થઈએ એટલે પાછા ફાવે તેમ વર્તીએ છીએ અને ભોગવિલાસમાં પડી જઈએ છીએ.

ગાંધીજીના વિચારો આ વિષયમાં બહુ જ સમજવા જેવા છે.

પહેલી વાત તો એ કે માંદગી વખતે બેબાકળા ન થવું. શક્ય હોય તે ઉપાય કરવા, પણ દાક્તરને જ પરમેશ્વર ન બનાવી દેવો.

બીજું, બધા રોગ આહારવિહારના અસંયમમાંથી જ જન્મતા હોવાથી તેવો દોષ કરવો જ નહીં.

છતાં માંદગી આવી પડે તો સમજવું કે ઘણાખરા રોગ આપણે શરીરયંત્ર ઉપર લાદેલા બોજામાંથી તેને શુદ્ધ કરવા માટે જ આવેલા હોય છે. તેથી દવાઓના બાટલાઓ ખાલી કરવા કરતાં રોગને પોતાનું કામ કરી લેવા દેવું, જેથી થોડા દિવસોમાં રોગ આપોઆપ શમી શરીરના દોષ હરતો જશે.

રોગ વખતે દવાઓનો આશરો લેવા કરતાં કુદરતી ઉપચારો કરવાનું ગાંધીજી પસંદ કરતા હતા. ભીની માટીના પાટાઓ મૂકવાથી અને કટિસ્નાન કરવાથી આકરામાં આકરા ઝેરી તાવો અને બીજા રોગો શમી જાય છે. એના પ્રયોગો કરવાનો તેમને શોખ હતો.

પોતાની જાત ઉપર તેમ જ પોતાનાં વહાલામાં વહાલાં સ્વજનો ઉપર તેમણે આ પ્રયોગો અનેક વાર અજમાવ્યા હતા અને તેમાંથી સારું ફળ મેળવ્યું હતું.

સૂર્યનો તાપ, ખુલ્લા આકાશ નીચે સૂવું એ પણ ગાંધીજીના કુદરતી ઉપચારોમાં આવી જતું.

પણ તેમનો મોટામાં મોટો ઉપચાર તો લંઘનનો જ હતો. તેમણે ઘણાં ભાઈબહેનોને ઉત્સાહ આપી પોતાના હાથ નીચે લાંબી લાંબી લાંઘણો કરાવી સાજાં કર્યાં હતાં.

કેટલાક રોગો તો ખોરાકમાં યોગ્ય ફેરફારો કરવાથી દૂર થાય છે, એ પણ ગાંધીજીની પાસે રહેનારાઓને પ્રત્યક્ષ જોવાનું ઘણી વાર મળી રહેતું.

આમ સેંકડે એંશી રોગો તો કુદરતી ઉપચારોથી મટે છે અને તેવા પ્રસંગોમાં દાક્તરોને ત્યાં સાસભેર દોડવું માણસને શોભતું નથી.

છતાં ગાંધીજી માનતા કે કેટલાક ઝેરી રોગો પર ચોક્કસ દવા અને કુશળ સર્જનોની શસ્ત્રક્રિયા આવશ્યક છે. તેમને પોતાને તેવા અનુભવોમાંથી ઘણી વાર પસાર થવું પડ્યું હતું.

પણ બેબાકળા તો કોઈ સંજોગોમાં રોગને જોઈ થવું ન જ શોભે. ગાંધીજીના પુત્ર રામદાસે તથા પૂ. કસ્તૂરબાએ તેમની માંદગીઓમાં દાક્તરોની આજ્ઞા છતાં માંસનો સેરવો લેવાની ના પાડી હતી, અને તે લેવા કરતાં ખુશીથી મૃત્યુને ખોળે પોઢવાની તૈયારી બતાવી હતી, તેથી ગાંધીજીનો આત્મા અત્યંત પ્રસન્ન થયો હતો અને પોતાનાં તે પ્રિય દર્દીઓની બહાદુરી ઉપર તેમણે આશીર્વાદ વરસાવ્યા હતા.

માંદગી વખતે સગાંવહાલાંઓ દોડધામ કરે છે તેટલી દર્દીની પ્રેમથી સારવાર કરતાં હોતાં નથી. ગાંધીજીને તો સારવારનો ભારે શોખ હતો. દેશના ભારેમાં ભારે કામ પ્રસંગે પણ માંદાની માવજતનું કામ છોડવું તેમને ગમે નહીં. માંદા પડી એમના હાથ નીચે સારવાર પામનાર ભાઈબહેનો એ મહાભાગ્યને કદી ભૂલી શક્યાં નહોતાં.

# ૨૯. દરિદ્રનારાયણનું દર્શન

દેશમાં ફરતા ફરતા એક વાર ગાંધીજી ઉત્કલ પ્રાંતમાં ગયા હતા.

ઉત્કલની ગરીબાઈની શી વાત કરવી? દુનિયામાં ગરીબ દેશ આપણો હિંદુસ્તાન અને હિંદુસ્તાનમાં ગરીબમાં ગરીબ ઉત્કલ. ઉત્કલમાં માણસ વસતા નથી, પણ જાણે જીવતાં હાડપિંજર વસે છે. દુકાળ એમનો કેડો જ છોડતો નથી. લોકોને બે ટંક ખાવાનું મળતું નથી તો પછી પહેરવાને લૂગડાં તો કયાંથી જ હોય?

ઉત્કલની આવી વાતો ગાંધીજીએ સાંભળી હતી. પણ પછી નજરે જોયું હતું.

ગાંધીજીએ આ દરિદ્ર પ્રાંતનાં ગામડાંઓ જોયાં. ગામો ભાંગેલાં હતાં. માંહે ઝૂંપડીઓ તૂટીફૂટી હતી. ઝૂંપડીમાં માણસો ભૂખ્યાતરસ્યા અને નિસ્તેજ હતા. બાઈઓનાં ડિલ ઉપર ફાટયાંતૂટયાં લૂગડાં હતાં અને તેયે પૂરી કાયા ઢંકાય તેટલાં નહોતાં. જેમતેમ કરી કમર ઢાંકી હતી, પણ છાતી પર કંઈ નહોતું.

ગાંધીજીને આવાં દશ્યો જોઈ બહુ જ દુઃખ થયું હતું. અરે રામ, મારા દેશની આટલી બધી ગરીબાઈ? એ દૂર કરવા હું કંઈ કરી ન શકું?

એમને થયું કે દરિદ્રનારાયણનાં સાચાં દર્શન થયાં.

ગાંધીજીના હૃદયમાં બીજા બધાય પ્રાંતોમાં ઉત્કલ પ્રાંત માટે ખાસ કુમળી લાગણી વાસ કરતી હતી.

# ૩૦. કચ્છ

ચંપારણમાંથી ગુલામી નાશ કરાવી ગાંધીજી ત્યાંનાં ગામડાંઓમાં રહેતા અને સેવા કરતા.

એક ગામમાં ગયા. ત્યાં તેમણે કેટલીક બહેનોને બહુ મેલી જોઈ. ગાંધીજીએ કસ્તૂરબાને સૂચના કરી કે આ બહેનોને રોજ નહાય અને ધોયેલાં કપડાં પહેરે એમ શીખવજો.

કસ્તૂરબાએ બહેનો પાસે જઈ તે પ્રમાણે શિખામણ આપી:

''બહેનો ! તમારે લૂગડાં ધોવાં જોઈએ. આવું આળસ ન રાખવું જોઈએ.''

મેલાં લૂગડાંવાળી બહેનો તેમની સામે જોઈ રહી. પછી તેમાંની એક બહેને કહ્યું, ''માઈ, મારી છાપરીમાં આવ અને જો.''

ઝૂંપડીમાં લઈ જઈ તેણે બાને કહ્યું, ''માઈ, મારી છાપરીમાં જોઈ લે. અહીં લૂગડાંનાં પેટી કે કબાટ ભર્યાં છે? મારી પાસે આ એક લૂગડું છે. હવે બોલ માજી, શું પલાળું અને શું બદલું? માટે મહાત્માજીને કહી મને બીજું એકાદું લૂગડું અપાવ એટલે હું રોજ ધોયેલું પહેરી ચોખ્ખી રહીશ.''

ગાંધીજીએ દેશની દરિદ્રતા જોયેલી હતી, પણ આ વાત સાંભળી ત્યારે તેમને તેની ખરેખરી કલ્પના આવી.

આ દરિદ્રતા કેમ દૂર થાય? પેલી બાઈની માગણી પ્રમાણે તેને બીજું લૂગડું અપાવવાથી શું વળે? તેવી તો દેશમાં અસંખ્ય બહેનો છે.

સ્વરાજ્ય મેળવવું એ જ એક ઉપાય. ગાંધીજી જ્યારે સ્વરાજ્ય માટે ઝઝૂમતા ત્યારે તેમના હૃદયમાં આ દરિદ્ર ઝૂંપડીવાસી બહેનોની યાદ હોય.

તેવી લડત ગાંધીજીએ ઉપાડી હતી. તે રંગમાં ચડી હતી. એક દિવસ લડતમાં એક મોટો બનાવ બન્યો. સરકારે તેમના મહાન સાથી મૌલાના મહમદઅલીને તેમની પાસેથી ઝડપી લીધા.

એ કઠણ પ્રસંગે ગાંધીજીને પેલી દરિદ્ર મેલી બહેનો ફરી યાદ આવી હતી. તેમણે તે જ ઘડીએ પ્રતિજ્ઞા લીધી, ''સ્વરાજનો સૂરજ ઊગે ને મારી ભારતમાતાનો દેહ ઢંકાય ત્યાં સુધી હું ત્રણ ત્રણ કપડાં ન પહેરું. લાજ ઢાંકવા પૂરતો કચ્છ મારે બસ છે.''

## ૩૧. ડબો ઘર – ડબો આશ્રમ

વડોદરાના ગાયકવાડો પોતાના વાવટા ઉપર મુદ્રાલેખ મૂકતા હતા: ''જીન ઘર – જીન તખ્ત''. મરાઠા સરદારોનું મોટું અભિમાન રહેતું કે અમારા ઘોડા ઉપર જીન રાતદિવસ કસેલું જ રહે.

તેમ ગાંધીજીનું ઘર-આશ્રમ જે ગણો તે રેલગાડીનો ત્રીજા વર્ગનો ડબો થઈ પડયો હતો. પોતાનો સંદેશો દેશને એક છેડેથી બીજે છેડે ફેલાવવા માટે તેઓ ફરતા ને ફરતા જ રહેતા અને તેઓએ એટલી બધી વાર એ પ્રમાણે ચક્કર લગાવ્યાં હતાં કે તેમણે રેલગાડીમાં વધારે વખત ગાળયો

કે આશ્રમમાં એ કહેવું મુશ્કેલ હતું. એટલે પછી ગાડીનો ડબો જ તેમનું ઘર અને ગાડીનો ડબો જ તેમનો આશ્રમ એમ કહેવામાં શું ખોટું?

અને ગાંધીજી ગાડીના ડબાને ઘર ગણીને જ તેમાં પોતાનું બધું કામકાજ ચાલુ રાખતા હતા. ડબામાં રેંટિયો કાંતતા, ડબામાં સવારસાંજ પ્રાર્થનાઓ કરતા, ડબામાં પત્રવ્યવહાર ચલાવે, ડબામાં મુલાકાતો આપે વગેરે.

ગાંધીજી હંમેશાં ત્રીજા વર્ગના ડબામાં જ મુસાફરી કરતા. શરીરની નબળાઈને લીધે કોઈ વાર તેઓ ઉપરના વર્ગમાં બેસતા, પણ તેમ કરતાં તેમનું દિલ ઘણું જ દુભાતું. 'જે જનતાનો હું સેવક છું તે ત્રીજા વર્ગની હાડમારી ભોગવે અને હું તેનાથી જુદો તરીને ઊંચા વર્ગની ગાદીઓ પર બેસું!' આવા વિચારો તેમના આત્માને ચેન પડવા ન દેતા.

ત્રીજા વર્ગના મુસાફરોની હાડમારીઓ આપણા દેશમાં તો જગજાહેર છે. લોકોની સાથે તે હાડમારીઓનો અનુભવ લેતાં ગાંધીજીને સંતોષ થતો હતો. જ્યારે તેઓ મહાત્મા તરીકે દેશમાં પ્રખ્યાતિ પામ્યા નહોતા ત્યારે આવી હાડમારીઓનો સ્વાદ ચાખવાનો તેમને ખૂબ ખૂબ મળી રહેતો. તેમને ઘણી વાર ઊભા રહેવું પડતું અને કોઈ કોઈ વાર તો ધક્કા પણ ખાવા પડતા, તો પછી સૂવાની કે કામ કરવાની સગવડ તો તે વખતે શાની જ હોય?

પહેલાંના દિવસોમાં દેશનેતાઓ પણ પ્રજાથી છેટા છેટા રહેતા અને કંગાળ, મેલી જનતા સાથે ભળવામાં શરમ માનતા. તેઓ મોટા અમલદારોની જેમ ઊંચા વર્ગોમાં જ મુસાફરી કરતા. તે વખતે ગાંધીજી જેવા એક બારિસ્ટર અને દક્ષિણ આફ્રિકામાં વસનાર સદ્‌ગૃહસ્થ ત્રીજા વર્ગમાં મુસાફરી કરે એ ભારે નવાઈની વાત ગણાતી.

એક વાર ગાંધીજી કલકત્તામાં ગોખલેને ઘેર રહ્યા હતા. ત્યાંથી વિદાય થતાં ગોખલેજી તેમને સ્ટેશન સુધી વળાવવા નીકળ્યા હતા. ગાંધીજીએ વિનયથી તેમને તસ્દી ન લેવા વીનવ્યા હતા, પણ ગોખલેએ માન્યું નહોતું. તેમણે કહ્યું, ''તમે બીજાઓની જેમ ઊંચા વર્ગમાં મુસાફરી કરવાના હોત તો હું ન આવત, પણ તમે ત્રીજા વર્ગમાં બેસવાના છો એટલે તો મારે વિદાય આપવા આવવું જ જોઈએ.''

આવી રીતે ગાંધીજીની કદર કરનારા તે જમાનામાં ગોખલે જેવા કોઈ વિરલા જ મળતા. બાકી સામાન્ય રીતે તો હાંસી જ થાય.

ત્રીજા વર્ગની હાડમારીઓ ભોગવતાં ભોગવતાં ગાંધીજીને પોતાના દેશની દીન હીન પ્રજાને પૂરેપૂરી પિછાણવાની તક મળી હતી. પ્રજાનો સ્વભાવ, પ્રજાની નબળાઈઓ, પ્રજાની આદતો — તેની રગેરગ તેઓ કળી શક્યા હતા. પ્રજાની નાડ ગાંધીજીએ જેટલી પારખી તેટલી બીજા કોઈ નેતા ભાગ્યે જ પારખી શક્યા હતા. તેથી જ ગાંધીજી દેશના સાચા વૈદ્ય બની શક્યા હતા અને તેમની બતાવેલી ગોળી પ્રજાને લાગુ પડી ગઈ હતી, અને તેથી જ ગાંધીજીના ઉપર પ્રજાને ઊંડી શ્રદ્ધા બેસી ગઈ હતી.

# ૩૨. જેલમહેલ

ગાંધીજી જેલને ખાલી જેલ નહોતા કહેતા, પણ જેલમહેલ કહેતા હતા.

જેલથી જેઓ ડરે તેમની તો એના નામથી જ છાતી ધડકવા લાગે. ઊંચી ઊંચી દીવાલો, મોટા મોટા દરવાજા, કાળા કાળા બિહામણા પહેરેગીરો, હાથકડીઓ અને ખણખણતી બેડીઓ ! વળી દૈત્ય જેવી ચકકીઓ પીસવાની, બળદ બનીને કોશ ખેંચવાના અને ઘાણીએ જોડાવાનું! આ બધા ઉપર વળી દરોગાનો દંડૂકો !

આવા કેદખાનામાં એક વાર ઘાલી દે કે પછી બહારનું કંઈ જોવાનુંયે નહીં ને સાંભળવાનુંયે નહીં.

ચોર-લૂંટારા જેલથી થથરી ઊઠતા.

પણ ગાંધીજીને અન જેલ બિહામણી નહોતી. તેમને તો એ મહેલ હતો. તેઓ અનેક વાર જેલમહેલની મહેમાની ચાખી આવ્યા હતા અને સેંકડો સત્યાગ્રહીઓને માટે એ મહેલના દરવાજા તેમણે ઉઘાડી દીધા હતા.

આપણે દેશસેવા કરતાં જેલ જઈએ એને વળી જેલનો ડર શો ? ઊલટો આનંદ જ થાય.

આપણને તો એક વાર જેલમાં દાખલ થયા કે પછી કોઈ જાતની ચિંતા જ નહીં. ખાવાનો વખત થાય કે ખાવાનું હાજર, પહેરવાને કપડાં જોઈએ તે પણ હાજર, રહેવાને માટે કોટડી પણ હાજર. કંઈ કામ પડે તો દરોગો ચોવીસે કલાક તહેનાતમાં હોય જ ! આપણું રક્ષણ કરવા પહેરેગીરો ખડે પગે પહેરો ભર્યા જ કરે !

વળી દિવસે ખૂબ મહેનત કરીએ એટલે રાત્રે મીઠી નીંદર આવી જાય.

આવું સુખ તો રાજાને એના રાજમહેલમાં પણ નથી હોતું. તેને બિચારાને ફિકરમાં ખાવાનું ભાવતું નથી અને રાત્રે ઊંઘ આવતી નથી.

દક્ષિણ આફ્રિકામાં હતા ત્યાં ગાંધીજી એ દેશની જેલોના મહેમાન બન્યા હતા. હિંદુસ્તાનમાં તેમણે સાબરમતી તથા યરવડાની જેલોમાં વખતોવખત જઈને નિવાસ કર્યો હતો.

જેલના નોકરો બિચારા તેમને પૂરતાં શરમાતા હતા.

## ૩૩. ત્રણ પ્રતિજ્ઞાઓ

મોહનદાસ મોટા થયા.

માવજી દવે કહે, ''મોહનદાસને વિલાયત મોકલી બારિસ્ટર કરો તો તે બાપની ગાદી સાચવે એવો થાય.''

વિલાયત જવું સહેલું નહોતું. પિતાજી દીવાનપદું કરી ગયેલા, પણ પૈસા મૂકી ગયા નહોતા. રાજ્યમાંથી મદદ મેળવવાનો પ્રયત્ન કરી જોયો, પણ તેમાં નાસીપાસ થયા. છતાં મોટાભાઈ ઉદાર હતા. તેમણે ગમે તેમ કરી રૂપિયા પૂરા પાડવાનું બીડું ઝડપ્યું હતું.

પણ વિલાયત જવામાં એક બીજું વિઘ્ન હતું. દરિયાપાર જાય તો પછી ધર્મનું શું? અને ન્યાતને શો જવાબ આપવો?

માતા પૂતળીબાઈ બોલ્યાં, ''ના, ના. ત્યાં જાય તે વટલાઈ જાય, દારૂ પીએ, માંસ ખાય અને અનીતિ કરે. આપણાથી વિલાયત ન જવાય.''

''પણ એને પ્રતિજ્ઞા લેવડાવીએ તો? પછી વાંધો છે?'' એક ઓળખીતા સાધુએ માર્ગ કાઢ્યો.

માજી કહે, ''ના, તો તો વાંધો નહીં.''

સાધુ મોહનદાસ પ્રત્યે બોલ્યા: ''માજી પાસે ત્રણ પ્રતિજ્ઞાઓ લો તો રજા મળે.''

''કેવી પ્રતિજ્ઞાઓ?''

''પહેલી પ્રતિજ્ઞા કે દારૂ પીવો નહીં, બીજી પ્રતિજ્ઞા કે માંસ ખાવું નહીં અને ત્રીજી પ્રતિજ્ઞા કે પરસ્ત્રીને મા-બહેન ગણવી. બોલો, આ ત્રણ પ્રતિજ્ઞાઓ લેશો?''

''હા જી, ઘણી ખુશીથી.''

''લો ત્યારે.''

''મા તમારા ચરણમાં પડી પ્રતિજ્ઞા લઉં છું કે —

''હું દારૂ પીશ નહીં, માંસ ખાઈશ નહીં, પરસ્ત્રીને મા-બહેન ગણીશ.''

ગાંધીજીના જીવનમાં પ્રતિજ્ઞા અથવા વ્રત મહત્ત્વનો ભાગ ભજવતાં હતાં. પ્રતિજ્ઞા એ માણસનો ખીલડો છે અને તે જ તેને નબળાઈઓને વખતે ઉગારી લે છે એમ ગાંધીજીને શ્રદ્ધા હતી. આવી શ્રદ્ધા તેમને છેક નાનપણથી હતી.

## ૩૪. 'કુલી' બારિસ્ટર

વિલાયત જઈ બારિસ્ટર થઈ આવ્યાં પછી ગાંધીજી કમાણી અર્થે દક્ષિણ આફ્રિકા ગયા. એક ઓળખીતા મેમણ વેપારીના નોકર થઈને તેઓ ગયા હતા.

કોને ખબર હતી કે તેમને હાથે એ અજાણ્યા દેશમાં કંઈક જુદી જ કમાણી થવાની હતી!

આફ્રિકાની ભૂમિ પર પગ મૂક્યો ત્યારથી તેમને એક જાતની ગૂંગળામણ થવા લાગી હતી. હિંદીઓ ડગલે ને પગલે અપમાન ભોગવી રહ્યા હતા. નાનામોટા સર્વ સરખા અપમાનને પાત્ર હતા.

ઘણા હિંદીઓ મજૂર અથવા કુલી તરીકે તે દેશમાં ગયા હતા તેથી ગોરાઓ બધા હિંદીઓને તુચ્છકારમાં કુલી કહેતા. વેપારીઓ 'કુલી વેપારી' અને વકીલો 'કુલી વકીલો' કહેવાતા. ગાંધીજી પણ 'કુલી બારિસ્ટર' કહેવાયા.

ગોરાઓ હિંદીઓને આમ નીચા ગણતા અને તેમની સાથે ભળવામાં નાનમ માનતા. ઘોડાગાડીમાં, ટ્રામમાં, રેલગાડીમાં તેમને સાથે બેસવા ન દે, ઉપાહાર ગૃહમાં પેસવા ન દે. રસ્તામાં ફૂટપાથ ઉપર પણ કુલી ચાલે તેની ગોરાને સૂગ હતી તો પછી કોઈ મેળાવડામાં મહેમાન તરીકે તો તેને બોલાવે જ શાના?

કેળવાયેલા અને ધનવાન હિંદીઓને આ બધાં અપમાન કોઠે પડી ગયાં હતાં. અહીં પરદેશમાં માન-અપમાન સામું ન જોવું, મૂંગે મોઢે પૈસા કમાવા અને દેશમાં જઈ આબરૂ મેળવવી એ રસ્તે સૌ ચાલતા હતા.

પણ ગાંધીજીને આ બધું વસમું લાગ્યું. ગયા કે તરત ડગલે ડગલે અપમાનો થવા લાગ્યાં, પણ ગાંધીજી બીજા હિંદીઓની જેમ તે ગળી

ન જતાં માથું ઊંચું રાખવા લાગ્યા. તેમને ગાળો, ધક્કા અને લાતો મળ્યાં. ગાંધીજી ગાળ સામે ગાળ ન દે, ધક્કા સામે ધક્કો ન દે, લાત સામે લાત ન મારે, પણ ડરીને અપમાનને તાબે પણ ન થાય.

બારિસ્ટર સાહેબ ધંધો કરવા આવ્યા હતા એટલે તેમને એક દિવસ ડરબન શહેરની કોર્ટ દેખાડવા તેડી ગયા.

ગાંધીજી ટાપટીપથી અંગ્રેજી પોશાક પહેરતા, પણ માથા પર હિંદી પાઘડી પહેરવાનું તેમણે રાખ્યું હતું. તેવી પાઘડી પહેરી તે કચેરીમાં ગયા અને વકીલમંડળની સાથે બેઠા.

ન્યાયાધિકારી આ નવા વકીલની સામે તાકી રહ્યો. તેના મનમાં થતું હતું કે આ કુલી માથા પરથી પાઘડી ન ઉતારી કોર્ટનું અપમાન કરે છે.

થોડી વાર તાકી રહ્યા પછી તેણે ગાંધીજીને પાઘડી ઉતારવા કહ્યું:

ગાંધીજી આ અપમાન ગળી જવા તૈયાર ન હતા. પાઘડી ઉતારવા કરતાં તો માથું ઉતારવું ભલું..

તેમણે પાઘડી નહોતી ઉતારી અને કોર્ટનું દીવાનખાનું છોડી ઊઠી નીકળ્યા.

# ૩૫. બાવડું ઝાલીને ઉતાર્યા

ગાંધીજી ડરબનથી રેલવે ટ્રેનમાં બેસી પ્રિટોરિયા જવા નીકળ્યા હતા. પહેલા વર્ગની ટિકિટ લીધી હતી.

ઘેરથી નીકળતાં સૌએ ચેતવ્યા: ''ગાંધીભાઈ, આ હિંદુસ્તાન ન હોય હો. અહીં આપણા લોકને પહેલા વર્ગમાં નહીં બેસવા દે.'' પણ ગાંધીજીએ નહોતું માન્યું. તે વખતે તેઓ માનતા હતા કે તેમણે બારિસ્ટરનો મોભો સાચવવા પહેલા વર્ગમાં બેસવું જોઈએ.

થોડી મુસાફરી તો નિર્વિઘ્ને થઈ. રાત્રે નવ વાગ્યાને સુમારે મૅરિત્સબર્ગ નામના સ્ટેશને ટ્રેન પહોંચી. ત્યાં એક ગોરો ઉતારુ એમના ડબામાં બેસવા આવ્યો હતો.

પણ અરે, આ કોણ? આ તો પહેલા વર્ગના ડબામાં 'કુલી' ચઢી બેઠો છે!

આવનારો ગોરો મોઢેથી તો કંઈ ન બોલ્યો, પણ તરત બહાર જઈ સ્ટેશનના એકબે અમલદારોને તેડી લાવ્યો. અમલદારો જોયા કરે, પણ કોઈની કંઈ બોલવાની હિંમત ન ચાલે. છેવટે એક અમલદારે ગાંધીજી

પાસે જઈને કહ્યું : ''સામી ! જરા આમ આવો તો, તમારે છેલ્લા ડબામાં જવાનું છે.''

ગાંધીજીએ કહ્યું, ''મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે.''

''તેની ફિકર નહીં. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે.''

''હું કહું છું કે મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે, અને હું તેમાં જ જવા ધારું છું.''

જવાબ સાંભળી અમલદાર તો ચોંકી જ ગયો. 'અરે, એક ગોરા અમલદાર સામે આ કુલી શું બોલે છે ?' તે રોફમાં જ બોલ્યો : ''એમ નહીં બને. તમારે ઊતરવું જ પડશે ને નહીં ઊતરો તો સિપાઈ ઉતારશે.''

ગાંધીજીએ પણ દૃઢતાથી કહ્યું, ''ત્યારે ભલે સિપાઈ ઉતારે. હું મારી મેળે તો નહીં ઊતરું.''

તે રાતોપીળો થતો સિપાઈને બોલાવી લાવ્યો. સિપાઈએ ડબામાં ચડીને ગાંધીજીનો હાથ પકડ્યો ને ધક્કો મારી તેમને નીચે ઉતાર્યા. એમનો સામાન ઊંચકીને નીચે નાખ્યો.

ગાંધીજી ન બીજા ડબામાં ગયા, ન તેમણે સામાનને હાથ લગાડ્યો. અપમાનથી લોહી ઊકળી ઊઠ્યું હતું. પોતે પ્લૅટફૉર્મ પર ઊભા જ રહ્યા અને ગાડી તો રવાના થઈ ગઈ.

પછી પ્લેટફૉર્મ ઉપર જ આખી રાત પડી રહ્યા. ટાઢ સખત હતી. સામાનમાં ઓવરકોટ હતો, પણ ફેંકી દીધેલા સામાન સામું જોવાનું પણ તેમને મન નહોતું. કદાચ લેવા જાય ને ફરીથી અપમાન થાય તો ? એ કરતાં ટાઢે ઠૂંઠવાવું તેમણે પસંદ કર્યું.

ટાઢે ઠૂંઠવાતા મનમાં કંઈ કંઈ તરંગ આવી ગયા.

''રેલમાં બેસીને આગળ જાઉં અને ફરી અપમાન નોતરું તે કરતાં પાછો જાઉં ?''

''ના, ના. એમ કાંઈ લીધેલું કામ અરધેથી છોડાય ?''

''આવા દેશમાં કમાવા ખાતર રહેવું તેના કરતાં હિંદુસ્તાન પાછો ચાલ્યો જાઉં ?''

''ના, ના. એ તો બીકણનું કામ.''

''ત્યારે આ ગોરા સિપાઈ અને અમલદાર ઉપર ફરિયાદ માંડી તેમને સીધા કરાવું ?''

''એમાંય શું વળે? એથી કંઈ બધા હિંદીઓના માથા ઉપરથી 'કુલીપણા'નો ટોપલો થોડો જ ઊતરશે?''

આમ વિચારો કરી ગાંધીજીએ મન માર્યું અને જાત ઉપર પડેલું અપમાન પી ગયા.

## ૩૬. સિગરામનું વીતક

પ્રિટોરિયા જતાં હજુ બીજું વીતક વીતવાનું બાકી હતું. ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ સુધી એ વખતે ટ્રેન ન હતી, પણ ઘોડાની સિગરામ ચાલતી.

રીતસરની ટિકિટ કઢાવી હતી. તે લઈ સિગરામમાં બેસવા જતા હતા ત્યાં ગોરા સિગરામવાળાએ રોકયા :

''તમને નહીં બેસાડીએ. તમારી ટિકિટ તો ગઈ કાલની હતી.''

એ તો ગાંધીજીને અજાણ્યા જાણીને બહાનું કાઢ્યું હતું, બાકી તેની દાનત તો એમ કે આ કાળા 'કુલી'ને મારા સિગરામમાં ગોરા ઉતારુઓ સાથે ન બેસાડવો પડે તો સારું!

આવો સૂકો દમ કેમ ચાલી શકે? છેવટે ગોરાઓ સાથે સિગરામમાં તો નહીં, પણ બહાર હાંકનાર પાસે તેણે ગાંધીજીને જગ્યા કરી આપી.

ગાંધીજી મનમાં ખૂબ કોચવાયા. 'આવી જગ્યાએ મારે બેસવું? અંદર કેમ ન બેસાડે?'

પરંતુ આટલું અપમાન ગળી ગયા અને બહાર હાંકનાર પાસે જગ્યા આપી ત્યાં બેઠા.

થોડે છેટે ગયા પછી સિગરામના ગોરા મુખીને બહાર ગાંધીજી બેઠા હતા તે જગ્યાએ બેસવાની ઇચ્છા થઈ. તેને ત્યાં બેસી બીડી પીવી હતી. જરા હવા પણ ખાવી હશે. એટલે એણે એક મેલુંસરખું ગૂણિયું પડ્યું હતું તે પેલા હાંકનારની પાસેથી લઈ પગ રાખવાના પાટિયા ઉપર પાથર્યું ને ગાંધીજીને કહ્યું, ''અલ્યા સામી, તું અહીંયાં બેસ; મારે હાંકનાર પાસે બેસવું છે.''

આ અપમાનથી ગાંધીજીને ઝાળ ઊઠી. પેલો પહાડ જેવો મજબૂત હતો અને પોતે નબળા અને વળી એકલા. છતાં ડરીને અપમાન કેમ ખમી લેવાય?

''તમે મને અહીં બેસાડ્યો એ અપમાન મેં સહન કરી લીધું. હવે તમને બહાર બેસવાની ઈચ્છા થઈ છે અને બીડી પીવી છે તેથી તમે મને તમારા પગ આગળ બેસાડવા ઈચ્છો છો. હું અંદર સિગરામમાં જવા તૈયાર છું, પણ હું તમારા પગની પાસે બેસવા તૈયાર નથી.''

એટલું કહેતાં કહેતાંમાં તો પેલા ગોરાએ એમના પર તમાચાનો વરસાદ વરસાવ્યો અને બાવડું ઝાલીને તે તેમને નીચે ઘસડવા લાગ્યો. ગાંધીજીએ બેઠક પાસેના પીતળના સળિયા જોરથી પકડી રાખ્યા અને મનમાં નિશ્ચય કર્યો કે કાંડું ખડે પણ સળિયા છોડવા નથી.

પેલો ગાળો કાઢી રહ્યો હતો, ખેંચી રહ્યો હતો. ગાંધીજી જોરથી સળિયાને પકડી રહ્યા, ન સામા થયા, ન જગ્યા છોડી. છેવટે બીજા ગોરા ઉતારુઓએ વચ્ચે પડી સિગરામવાળાને ઠપકો આપ્યો અને ગાંધીજીને છોડાવ્યા.

## ૩૭. ધક્કો

પ્રિટોરિયામાં ગાંધીજી રોજ સાંજે ઘેરથી નીકળી ખુલ્લા મેદાનમાં ફરવા જતા હતા.

રસ્તાની બાજુ પર પગથી હતી તેના ઉપર ચાલીને તેઓ જતા. એ જ રસ્તા ઉપર ત્યાંના વડા પ્રમુખ ક્રૂગરનું ઘર આવ્યું હતું. તદ્દન સાદું ઘર હતું. બહાર સિપાઈ પહેરો ભરે તે પરથી જ લાગે કે કોઈ રાજપુરુષનું ઘર હશે.

રોજ આ રસ્તે થઈને જ ગાંધીજી જતા. રોજ આ વડા પ્રધાનના ઘર પાસેથી તેઓ નીકળતા અને પહેરાવાળાની પાસે થઈને પસાર થતા, પણ આજ સુધી કોઈ બોલ્યું નહોતું.

પણ આજે પહેરાવાળો બદલાયો હશે. તેને થયું, ''અરે, આ કાળો 'કુલી' પગથી ઉપર ચાલે છે? અને તે પણ વડા પ્રમુખના આંગણા પાસે જ! એની ખોડ ભુલાવવી જોઈએ.''

એ તો કંઈ બોલ્યો નહીં, ચાલ્યો નહીં, ન પગથી પરથી ઊતરી જવાનું કહ્યું, પણ પાસે જઈને ગાંધીજીને એકદમ ધક્કો માર્યો, લાત મારી અને પગથી ઉપરથી ઉતારી મૂક્યા.

આ અચાનક હુમલાથી ગાંધીજી ચમક્યા. ઊભા થઈને તેઓ સિપાઈનો જવાબ લેવા જતા હતા ત્યાં સામેથી આવતો એક ઘોડેસવાર બોલી ઊઠ્યો, ''ગાંધી, આ બધું મેં જોયું છે. એના ઉપર કેસ કરવો હોય તો હું સાક્ષી પૂરીશ.''

આ ઘોડેસવાર એક ગોરો હતો અને ગાંધીજીનો મિત્ર હતો.

ગાંધીજીએ જવાબ આપ્યો, ''ના રે ભાઈ, એમાં કેસ શો માંડવો? એ તો અમારા બીજા બધા લોકોની સાથે વર્તતો હશે તેમ મારી સાથે પણ વર્ત્યો.''

મિત્ર બોલ્યો, ''નહીં, નહીં. એવા માણસને તો પાઠ શીખવવો જ જોઈએ.''

ગાંધીજીએ સમજાવ્યું, ''બધા જ ગોરાઓ અમને 'કુલી' ગણીને તિરસ્કાર કરે ત્યાં બિચારા આ અજ્ઞાન સિપાઈનો શો વાંક?''

પછી તો આ ગોરા મિત્રે સિપાઈને સમજણ પાડી ત્યારે તેણે જઈ ગાંધીજીની માફી માગી.

## ૩૮. ભાઈને હાથે માર

મીર આલમ નામે એક પઠાણ દક્ષિણ આફ્રિકામાં રહેતો. ગાદલાંગોદડાં ભરાવી વેચવાં અને તેમાંથી ગુજરાન મેળવવું એ એનો ધંધો હતો.

આ મીર આલમને ગાંધીજીની ઠીક પિછાન હતી. કામકાજ પડતાં એ તેમની સલાહ લેતો અને તેમનું માન રાખતો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત આદરી હતી તેમાં આ પઠાણ રસ લેતો.

હવે એવું બન્યું કે સત્યાગ્રહ કરતાં ગાંધીજી અને બીજા ઘણા હિંદીઓ બહાદુરીથી જેલમહેલમાં ગયા. આખરે સરકાર નમી અને સમાધાન થયું. કેટલાકને સમાધાન ગમ્યું નહીં. મીર આલમને પણ ન ગમ્યું અને ગાંધીજી ઉપર તેને ગુસ્સો ચડ્યો.

એ દેશમાં એક ઘણો જ ખરાબ અને અપમાનકારક કાયદો થયો હતો. આપણા લોકોએ બધાએ સરકારી પરવાના કઢાવવા અને તેમાં દશ આંગળાંની છાપ આપવી. તે સાથે લઈને જ ફરવું; પરવાનો પાસે ન હોય તેને સજા થાય! આવો તે કાયદો હતો. હિંદીઓએ એ કાયદા સામે સત્યાગ્રહ ઉપાડ્યો હતો. સમાધાની એવી થઈ કે જેની ખુશી હોય તે પરવાના

કઢાવે. ન કઢાવવા હોય તેને ન કઢાવવાની છૂટ.

સત્યાગ્રહની જીત થઈ. સરકારે ગાંધીજીને જેલમાંથી છોડી મૂકયા. બીજા બધા સત્યાગ્રહીઓને પણ છોડયા પછી જીત ઊજવવા સભા ભરાઈ.

સભામાં મીર આલમે ઊભા થઈને કહ્યું, ''આમાં આપણી કઈ જીત થઈ? પરવાના કઢાવવા તો રહ્યા જ ને?''

ગાંધીજીએ સમજાવ્યું, ''જેને ન કઢાવવા હોય તેને માટે છૂટ છે જ. તમે ભલે ન કઢાવશો.''

''અને આપ?''

''હું તો સૌથી પહેલો કઢાવીશ અને દશ આંગળાં આપીશ.''

''લોકોને વહેમ છે કે તમે સરકાર પાસેથી લાંચ ખાધી છે.''

''એવું મારે માટે કોઈ ન માને.''

''ઠીક છે, પણ હું ખુદાના કસમ ખાઈને કહું છું કે જે કોઈ પરવાનો કઢાવવા પહેલો જશે એને હું ઠાર કરીશ.''

ગાંધીજીએ કહ્યું, ''ભાઈને હાથે હું આનંદથી મરીશ, પણ સત્ય નહીં છોડું.''

આ વાતને ત્રણેક માસ થઈ ગયા. પરવાના કઢાવવાની તારીખ આવી. ગાંધીજી અને બીજા આગેવાનોએ સૌથી પહેલાં પરવાના કઢાવવા જવું એમ સંતલસ કરી રાખી હતી.

મીર આલમ સભામાં ખાધેલા કસમ ભૂલી ગયો નહોતો. ક્રોધે ભરાઈને તે મનમાં બોલ્યો: ''જોઉં છું એ કેવા પરવાના કઢાવે છે!'' આમ કહી બેત્રણ પઠાણ દોસ્તોની સાથે તે રસ્તામાં ઊભો રહ્યો.

રસ્તામાં ગાંધીજી નીકળ્યા. પહેલાં તો એમને મળે ત્યારે મીર આલમ સલામ ભરીને માન બતાવતો, પણ આજે તેણે સલામ ન ભરી. ગાંધીજીએ તેની આંખ પારખી, તેમાં ખૂન હતું, જાણ્યું કે આજે કંઈક નવાજૂની થવાની હતી.

પઠાણે સલામ ન કરી તો ગાંધીજીએ પોતે જ કરી અને પૂછ્યું, 'કૈસે હો?'' તેણે ગુસ્સામાં માથું નમાવી કહ્યું, ''અચ્છા હૈ.''

વખત થયો એટલે ટોળી પરવાના કઢાવવા ચાલી. મીર આલમ અને એના દોસ્તોયે પાછળ પાછળ ચાલ્યા. થોડું છેટું રહ્યું ત્યાં મીર આલમ ગાંધીજીને પડખે ચડયો ને બોલ્યો, ''કહાં જાતે હો?''

''દશ આંગળાં આપી પરવાનો કઢાવવા. તમારે આવવું હોય તો તમે પણ ચાલો. તમારે આંગળાં આપવાની જરૂર નથી.''

આટલું બોલ્યા ત્યાં તો પાછળથી ગાંધીજીની ખોપરી ઉપર ડંડાનો સખ્ત ફટકો પડયો. તેઓ પહેલે જ ફટકે બેભાન થઈને પડયા. બેભાન થયા પછી પણ પઠાણોએ લાકડીઓ અને પાટુઓનો માર માર્યો. ગાંધીજી સાથે બીજા આગેવાનો હતા. તેમને બચાવ કરવા જતાં માર પડયો.

મારીને પઠાણો નાઠા, પણ રસ્તે જનારાઓએ તેમને પકડી પોલીસને સ્વાધીન કર્યા.

બેભાન સ્થિતિમાં જ લોકોએ ગાંધીજીને ઉપાડી નજીકના ઘરમાં લઈ જઈ સુવાડચા અને સારવાર કરી. તેમનો હોઠ ચિરાઈ ગયો હતો, દાંતને ઈજા થઈ હતી અને પાંસળીઓમાં દર્દ થતું હતું.

થોડી વારે ભાન આવ્યું ત્યારે ગાંધીજીએ પહેલો જ સવાલ શો કર્યો?

''મીર આલમ ક્યાં છે?''

સારવાર કરનારે કહ્યું, ''તમે આરામ કરો, એને અને એના ગોઠિયાઓને પોલીસે પકડચા છે.''

''નહીં, નહીં. એ લોકોને તરત છોડાવવા જોઈએ.'' એમ કહી તેમણે પોલીસના વડાને પત્ર લખી ભલામણ કરી કે આ પઠાણ ભાઈઓને સજા થાય એવું હું ઇચ્છતો નથી; તેમને છોડી દેવાની મારી વિનંતી છે.

આ ભલામણનું માન રાખી પોલીસે મીર આલમ અને તેના સાથીઓને છોડી મૂકચા. જોકે પાછળથી ગોરા લોકોએ ટીકા કરી તેથી પોલીસે તેમને ફરીથી પકડચા અને છ માસની સજા કરાવી.

આ મારને પરિણામે ગાંધીજીના આગલા દાંત ગયા. એ ખાડો તેમના મુખનો સુંદર અલંકાર છે. તે સત્ય પાળતાં મળેલો છે, ભાઈએ આપેલો છે અને પ્રેમથી ઝીલેલો છે.

## ૩૯. મીર આલમ ભક્ત બન્યો

આ કથાનો ખરો ભાગ તો હવે આવે છે.

દક્ષિણ આફ્રિકાની સરકારે પોતાનું વચન પાળ્યું નહીં એટલે ગાંધીજીએ ફરીથી લડત આપી.

લોકોને ખબર આપી દીધી કે સરકારે દગો કર્યો છે. બધાએ ફરીથી

સત્યાગ્રહ કરવાનો હતો, બધાએ રાજીખુશીથી પરવાના કઢાવ્યા હતા તે ભેગા કરીને તેની હોળી કરવાની હતી માટે જેમણે લડતમાં ભળવાનું હતું તેમણે પોતાના પરવાના મોકલવાના હતા.

લોકો ગાંડા ગાંડા થઈ ગયા. ગાંધીજીને ત્યાં પરવાનાઓનો વરસાદ થયો.

હોળી કરવાનો દિવસ નક્કી કર્યો. તે દિવસે મોટી સભા ભરી અને સભાની વચમાં પરવાનાઓનો ઢગલો કર્યો.

ગાંધીજીએ પૂછ્યું, ''બોલો ભાઈઓ, સૌએ રાજીખુશીથી પરવાના બાળવા આપ્યા છે ને?''

''હા જી. રાજીખુશીથી આપ્યા છે ને.''

''હજુ કોઈને પાછા લેવા હોય તો કહેજો.''

''ના, ના. અમારે પાછા નથી જોઈતા.''

''જોજો, લડત સહેલી નથી, જેલમાં જવું પડશે.''

''કાંઈ ફિકર નહીં. હોળી કરો.''

એટલામાં એક પઠાણ સભામાંથી ઊભો થયો.

''ગાંધીભાઈ, લો આ મારો પરવાનો પણ બાળો. મારા ગુના માટે મને માફ કરો. મેં આપને ઓળખ્યા નહોતા. આપ ખરેખરા બહાદુર છો!''

આ પઠાણ તે બીજો કોઈ નહીં, પણ આપણો મીર આલમ જ!

ગાંધીજીએ તેનો હાથ જોરથી દબાવ્યો. આખી સભા તાળીઓના ગડગડાટથી ગાજી રહી અને ગાંધીજીએ ગ્યાસતેલ છાંટી પરવાનાઓની હોળી કરી.

ત્યારથી મીર આલમ ગાંધીજીનો ભક્ત બન્યો અને ગાંધીજી ન ઈચ્છે તોપણ તેમનો અંગરક્ષક થઈ સાથે રહેવા લાગ્યો.

## ૪૦. જબરું તોફાન

ગાંધીજી થોડો વખત દેશમાં રહી પાછા દક્ષિણ આફ્રિકા જવા આગબોટમાં બેઠા. આ તેમની બીજી વારની સફર હતી. કસ્તૂરબા અને બાળકોને આ વખતે સાથે લીધાં હતાં. રસ્તે દરિયામાં તોફાન ચડ્યું. ઉતારુઓને તો પેટમાં ધાન પણ રહેતું નહોતું. તેઓ ભયભીત પણ ખૂબ થયા. તે વખતે ગાંધીજીએ સૌની સેવા કરી અને ધીરજ આપી, પણ ખરું તોફાન તો ડરબનમાં થવાનું હતું.

ડરબનના ગોરાઓને સમાચાર મળી ગયા હતા કે ગાંધી પાછો આવે છે. તેઓ બોલી ઊઠચા, ''વળી પાછો એ અમારા દેશમાં આવે છે? એણે જ હિન્દુસ્તાનમાં જઈને અમારી નાલેશી કરી ને? એ ગાંધીએ જ અમારું નામ આખી દુનિયામાં બદનામ કર્યું ને? બસ, એને પાછો જ કાઢવો.''

કોઈ બોલ્યા, ''એ ગાંધી જ આપણને જંપવા દેતો નથી અને જે તે વાતમાં 'કુલી' લોકોને આપણી સામે ઉશ્કેરે છે. બસ, એને આપણા કિનારા ઉપર પગ જ મૂકવા ન દેવો.''

બીજા ગરજ્યા, ''વળી હવે તો તે પોતાનાં બૈરીછોકરાંને પણ લઈને આવ્યો છે. એને આપણા દેશમાં અડ્ડો જમાવવો લાગે છે. જોઈએ છીએ, તે કેવો દાખલ થાય છે.''

ત્રીજા તાડૂકચા, ''અરે જાણો છો? એ એકલો નથી આવતો, બે આગબોટો ભરીને 'કુલી'ઓને સાથે લેતો આવે છે.''

''બસ, બસ. એને આવવા ન જ દો.''

''સરકાર પાસે મનાઈહુકમ કઢાવો.''

''સરકાર ન માને તો આપણે જ ગાંધીને ઊંચકીને દરિયામાં ફેંકી દો.''

ડરબનના ગોરાઓએ સાચુંજૂઠું ઘણું સાંભળ્યું હતું. તેઓ બહુ જ ઉશ્કેરાયા હતા.

ગોરાઓના ગુસ્સાની ગાંધીજીને કંઈ ખબર નહોતી. તેમની બોટ તો ડરબન બંદરે આવી પહોંચી.

બંદરના અમલદારો બોલી ઊઠચા, ''છેટે રહો, છેટે રહો! અહીં હમણાં ઊતરવાની મનાઈ છે. તમારા દેશમાં પ્લેગ ચાલે છે માટે તમારે ક્વૉરૅન્ટીનમાં રહેવું પડશે.''

''પણ અમારી બોટમાં કોઈ માંદું નથી.''

''તેનું કાંઈ નહીં. ક્વૉરૅન્ટીનમાં તો રહેવું જ પડશે.''

''કેટલા દિવસ?''

''૨૩ દિવસ.''

ગાંધીજીને નવાઈ લાગી. બંદરવાળા એકદમ આટલી કડકાઈ કેમ બતાવતા

હશે? ધીમે ધીમે ડરબનની વાતો કાને આવતી ગઈ તેમ ભેદ સમજાવા લાગ્યો.

કોઈ આગબોટના ઉતારુઓને દમ ભરાવવા લાગ્યા, ''અલ્યાઓ, પાછા ચાલ્યા જાઓ, નહીં તો દરિયામાં ડુબાડી દેશે.''

કોઈ આગબોટના માલિકને દમ ભરાવવા લાગ્યા, ''તારી બોટો પાછી હિંદુસ્તાન લઈ જા, નહીં તો ખુવાર થઈશ.''

પણ ધન્ય છે તેમને કે કોઈ ડર્યા નહીં, કોઈ ડગ્યા નહીં.

૨૩ દિવસ દરિયાની હવા ખાતાં આનંદમાં પસાર કરી દીધા. ક્વૉરેન્ટીન છૂટી. બધા હિંમતથી ડરબનને બંદરે ઊતર્યા. ગોરાઓ જોઈ રહ્યા.

તેવામાં એક અમલદારે સંદેશો મોકલ્યો, ''ગાંધીને કહેજો કે દિવસે ન ઊતરે, નહીં તો જીવનું જોખમ છે.''

પણ એક મિત્રે પૂછ્યું, ''ગાંધી તમને બીક લાગે છે?''

''ના, મને તો કશી બીક નથી.''

''તો પછી ચાલો ધોળે દિવસે જ. હું તમારી સાથે છું. આપણે શું ચોર છીએ કે અંધારામાં જઈએ?''

કુટુંબને એક ગાડીમાં બેસાડી રવાના કર્યું. ગાંધીજી પેલા મિત્રની સાથે ચાલતા ડરબન શહેરમાં દાખલ થયા.

રસ્તે ચાલતાં થોડે સુધી તો કોઈએ એમને ન ઓળખ્યા. પણ પછી કેટલાક ગોરા છોકરાઓ જતા હતા તેમની નજરે તે ચડ્યા. એમના જેવી પાઘડી પહેરનારા એ દેશમાં ગાંધીજી એકલા જ એટલે તરત ઓળખાઈ ગયા.

તેમને જોયા અને છોકરાઓ બૂમ પાડી ઊઠ્યા:

''ગાંધી! ગાંધી!''

''એને મારો મારો!''

''એને ઘેરો ઘેરો!''

પ્રથમ બૂમબરાડા કર્યા. તેમાંથી કાંકરા મારવા માંડ્યા. પછી તો છોકરાઓ સાથે મોટા માણસો પણ ભળ્યા.

પેલા જોડીદારે કહ્યું, ''હવે જીવ લઈને નાસવું જોઈએ હોં. ચાલો રિક્ષામાં બેસીને નાસીએ.''

ગાંધીજી બોલ્યા, ''રિક્ષામાં? માણસથી હંકાતી ગાડીમાં બેસવું તો મને પસંદ નથી.''

''અરે મારા સાહેબ, પસંદ ને બસંદ. આ વાદળ ઘેરી વળે તે પહેલાં નાસી છૂટવું જોઈએ.''

ભાઈબંધે રિક્ષા બોલાવી. મન મારીને ગાંધીજી તેમાં ચડવા જતા હતા ત્યાં તો પેલું ટોળું રિક્ષાવાળા ઉપર ઊતરી પડ્યું:

''ખબરદાર! એને બેસાડ્યો છે તો! તારી રિક્ષા તોડી નાખીશું! તારું માથું ફોડી નાખીશું!''

બાપડા રિક્ષાવાળા હબસીનું શું ગજું?

તે તો 'ખા' (ના) એવું એની ભાષામાં કહી જીવ લઈ ભાગ્યો.

આગળ ગાંધીજી અને પાછળ ટોળું. એમ કરતાં ટોળું વધ્યું અને ગાંધીજી પાછળ મોટું સરઘસ જામ્યું.

તોફાની ટોળામાંથી એક જાડા બળવાન માણસે પહેલ કરી. તેણે ગાંધીજીના જોડીદારને બાથમાં લઈ જુદો પાડ્યો.

પછી શું પૂછવું? ગાંધીજી ઉપર ગાળો અને પથરાઓનો વરસાદ વરસવા મંડ્યો. એક જણે પાસે જઈ એમની પાઘડી ઉડાડી મૂકી. બીજા એક જાડા ગોરાએ થપ્પડ મારી અને પછી લાત મારી.

ગાંધીજીનું હવે શું ચાલે? એ તો તમ્મર ખાઈને પડવાના જ હતા, ત્યાં નજીકના ઘરની જાળી હાથમાં આવી ગઈ એનો ટેકો લઈ ઘડીક સાસ ખાધો ને પાછા આગળ ચાલ્યા.

એવા કટોકટીના વખતે ત્યાંથી એક બહાદુર ગોરી બાઈ નીકળી. તે ડરબનના પોલીસ અમલદારની સ્ત્રી હતી અને ગાંધીજીની ઓળખીતી હતી. તે ગાંધીજીની પાસે દોડી પહોંચી અને તડકો નહોતો તોપણ છત્રી ઉઘાડી તેમના માથા ઉપર ધરીને સાથે સાથે ચાલવા લાગી.

આ બહાદુર બહેનની અદબ ખાતર ટોળું જરા છેટું રહ્યું. તોપણ હજુ કોઈક કોઈક તો ધોલથાપટનો સ્વાદ ચખાડી જતા.

દરમિયાન પોલીસના માણસો આવી પહોંચ્યા. તેમણે તોફાની ટોળાને વિખેર્યું અને ગાંધીજીને તેમની ઇચ્છા પ્રમાણે ડરબનના પ્રસિદ્ધ વેપારી અને ગાંધીજીના મિત્ર પારસી રુસ્તમજીને ઘેર પહોંચાડ્યા.

ગોરાઓનું તોફાની ટોળું તે વખતે તો વીખરાયું, પણ પાછા રાત્રે પારસી

રુસ્તમજીના ઘર સામે હજારો ગોરા એકઠા થયા અને હલ્લો મચાવવા લાગ્યા.

''ગાંધીને અમારે હવાલે સોંપી દો, નહીં તો ઘર ફૂંકી મૂકશું.''

પણ રુસ્તમજી શેઠ ગભરાય એવા નહોતા.

આ વખતે ડરબનના પોલીસ અમલદારે ભારે ચતુરાઈથી કામ લીધું. તેણે પોતાનો વિશ્વાસુ અમલદાર ઘરમાં મોકલીને ગાંધીજીને કહેવડાવ્યું કે વેશપલટો કરીને તમે તો અહીંથી ઊપડી જ જાઓ. બીજી તરફ પોતે ટોળામાં જઈને તેને રમાડવા લાગ્યો.

પારસી રુસ્તમજીના ઘરના દરવાજા વચ્ચે માંચડો મુકાવી તેના ઉપર ચડી આ ચતુર અમલદારે લોકોને વાતે વળગાડ્યા. તે તેમને ગવડાવવા લાગ્યો :

**ચાલો ગાંધીને દઈએ ફાંસી!**
**આંબલિયા ડાળે—**
**ચાલો ગાંધીને દઈએ ફાંસી!**

ટોળું રંગમાં આવીને ઝીલતું હતું.

અમલદાર પોતાના મનમાં કહેતો હતો, ''બરાડા પાડ્યા જ કરો બચ્ચાઓ, પણ દરવાજાનો કબજો તો મારા હાથમાં છે!''

બહાર આવો તમાશો ચાલતો હતો તે વખતે ઘરની અંદર ગાંધીજીને પેલા અમલદારે દેશી સિપાઈનો પોશાક આપ્યો. ગમ્યું ન ગમ્યું તોપણ તેમણે તે ચડાવ્યો. પછી ઘરમાંથી બંને જણ બાજુની વખારોમાં પેઠા. છેટેની એક વખારનું બારણું ઊઘડ્યું. તેમાંથી બે સિપાઈઓ બહાર નીકળ્યા, ટોળા વચ્ચે પેઠા અને પસાર થઈ ગયા. એમની તરફ કોનું ધ્યાન જાય?

લોકોનું મન તો પેલા ગીતમાં હતું :

**ચાલો ગાંધીને દઈએ ફાંસી!**
**આંબલિયા ડાળે—**
**ચાલો ગાંધીને દઈએ ફાંસી!**

ગાંધીજી છટકી ગયાની બાતમી મળી કે તરત પેલા અમલદારે બાજી બદલી. તેણે ટોળાને કહ્યું, ''ચાલો હવે બહુ થયું. હવે સૌ ઘરે જાઓ.''

''નહીં, ગાંધી લાવો, ગાંધી લાવો!''

અમલદાર જરા હસીને બોલ્યો, ''પણ તમારો શિકાર છટકી ગયો હોય તો?''

''અરે છટકી કેમ જાય? અહીં આટલા બધા ઊભા છીએ ને?''

''ત્યારે હું તમને કહું છું કે શિકાર તો તમારી વચ્ચે થઈને છટકી ગયો!''

''જૂઠું, જૂઠું! અમે ન માનીએ.''

''તમારા બુઢ્ઢા ફોજદારની વાત સાચી ન માનો તો ઘર તપાસો, પણ બેચાર માણસનું પંચ આવો તો અંદર પેસવા દઉં.''

લોકોએ પંચ મોકલીને તપાસ કરાવી. તેમને હવે ખાતરી થઈ કે ગાંધીજી તો છટકી ગયા હતા. પછી હસમુખા ફોજદારે કહ્યું: ''જુઓ, તમારી પોલીસનું માન તમે ન રાખ્યું તો પોલીસ તમારી સાથે દાવ રમી! અમે તો તમારા નોકર રહ્યા, ગમે તે રસ્તે અમારી ફરજ બજાવવી જ જોઈએ ને? હવે મહેરબાની કરીને જાઓ, પોલીસ જીતી અને તમે હાર્યા!''

ગુસ્સે થયેલા લોકો ખડખડાટ હસતા વીખરાઈ ગયા.

તોફાનને કેટલાક દિવસ વીતી ગયા. ગાંધીજીને વાગેલો માર મટી ગયો, તોફાને ચડેલા ગોરાઓ ટાઢા પડીને કામધંધે વળગી ગયા.

મારનારા ગોરાઓ ધારતા હતા કે પેલો 'કુલી' બારિસ્ટર આપણને છોડશે નહીં, કેસ કરશે અને સજા ખવડાવશે.

સરકાર રોજ વાટ જોતી હતી કે ગાંધી આજ ફરિયાદ કરવા આવે, કાલ ફરિયાદ કરવા આવે.

પણ ગાંધીજીના રાહ ન્યારા હતા. એમણે તો મારનારાઓને અણસમજુ ગણીને મનથી માફી આપી દીધી હતી.

એક દિવસ ગાંધીજીને ત્યાંના કોઈ મોટા અમલદારે બોલાવીને કહ્યું:

''ગાંધીજી, તમને ઈજા થઈ તે માટે અમે ખરેખર દિલગીર છીએ. ગુનેગારો ગોરા છે એટલે તેમને અમે સજા ન કરીએ એમ ન માનશો. સરકાર તો ઇચ્છે છે કે તમે મારનારાઓને ઓળખાવો.''

ગાંધીજીએ શાંતિથી જવાબ આપ્યો:

''તમારી લાગણી માટે ઉપકાર માનું છું, પણ મને કોઈના ઉપર ક્રોધ નથી.''

''પણ તમે ગુનેગારોને ઓળખો તો ખરા ને?''

''કદાચ એકાદ-બેને ઓળખું, પણ એ બિચારાનો કંઈ વાંક નહોતો એમ હું માનું છું.''

''એમ કેમ કહો છો, ગાંધીજી? એ દુષ્ટોએ તમને માર્યા નથી શું?''

ગાંધીજીએ ખોટી શરમ ન રાખતાં મોઢે સંભળાવ્યું: ''તમારા જેવા આગેવાનોએ ભમાવ્યા તેથી એમણે તોફાન કર્યું માટે ખરા ગુનેગાર તો તમે છો. એમને બિચારાઓને શા માટે સજા કરાવું?''

## ૪૧. આપણાં પાપનું ફળ

ગોરાઓ આપણને 'કુલી' કહેતા હતા ત્યારે આપણને દુઃખ લાગતું હતું.

ત્યારે આપણે હરિજનને ઢેડો, ભંગિયો એવું કહીએ ત્યારે એને કેવું થતું હશે?

તેમનું આપણે કેટલું બધું અપમાન કરીએ છીએ? તેમને આપણે અડીએ નહીં, તેમને આપણા ગામમાં રહેવા દઈએ નહીં; તેમને ગામમાં થઈને નીકળવું હોય તો આમ સાદ કરતા નીકળવું પડે:

''છેટાં રહેજો માબાપ!''

''અડતાં નહીં માબાપ!''

''તમારા ભંગિયા છીએ માબાપ!''

કેટલું ભયંકર અપમાન!

તેઓ પાણી વિના ટળવળે, પણ આપણે કૂવે તેમને પાણી ભરવા દઈએ નહીં.

ગામનાં બધાં છોકરાં નિશાળમાં ભણે, પણ તેમનાં છોકરાંને આવવા દઈએ નહીં અથવા છેટાં બેસાડીએ.

રેલગાડીમાં બધા બેસીએ, પણ ઢેડ આવે તો 'જગ્યા નથી' એમ બરાડી ઊઠીએ.

મંદિરમાં આખું ગામ દેવદર્શને જાય, પણ તેમને માટે દેવનાં દ્વાર પણ બંધ.

આ કંઈ જેવુંતેવું દુઃખ છે?

તેઓ આપણાં આંગણાં ઊજળાં કરે, આપણું ગામ ચોખ્ખું કરે, આપણાં લૂગડાં વણી આપે છતાં આપણને તો કશું નજરમાં જ નહીં. આ સેવાના

બદલામાં આપણે એમને શું આપીએ છીએ? આપણા ભાણામાં વધેલા એઠા ટુકડા!

આપણા પાપનો તાગ નથી. પછી આપણે દેશપરદેશમાં કેમ હડધૂત ન થઈએ? ઈશ્વરે આપણને આપણાં પાપનું ફળ આપ્યું છે એમ ગાંધીજી માનતા હતા. તેથી તેઓ હરિજનસેવા કરતા હતા અને હરિજનને અડવામાં પાપ નથી, પણ પુણ્ય છે એવો ઉપદેશ કરતા હતા.

# ૪૨. હરિજન પહેલા

એક ગામમાં સભા હતી. તેમાં ગાંધીજીનું ભાષણ થવાનું હતું.

ગાંધીજીનું ભાષણ સાંભળવાનું કોને મન ન હોય? ગામમાંથી વાણિયા ચાલ્યા, બ્રાહ્મણ ચાલ્યા, પટેલિયા ચાલ્યા, ગરાસિયા ચાલ્યા, સઈ ને સુથાર ચાલ્યા, ઘાંચી ને મોચી ચાલ્યા. અઢારે વર્ણ ઊપડયા.

ઢેડવાડાના ઢેડ પણ કહે, અલ્યા ચાલો, આપણે પણ સભામાં જઈએ. આપણા બાપુજી પધારવાના છે. એમની સભામાં ગયા વિના કેમ ચાલે?

તેઓ પણ સભામાં ગયા.

સભાવાળાઓએ ઢેડને ઓળખી કાઢયા. ''અલ્યા, આ તો ઢેડ છે! અરે અહીં નહીં; અહીં નહીં! પાછા જાઓ, પાછા! સભામાં તમારું શું કામ હોય?'' સભામાં બિચારાઓનો ઘડો ન થાય.

''બાપા, અમને બેસાડો ને. બાપુજી તો અમારાયે ખરા ને?''

કોઈને દયા આવી. પછી સભાવાળાને સમજાવી ઢેડ માટે થોડે છેટે જગ્યા કાઢી આપી. ''બેસો અહીં, પણ જોજો પાસે આવીને કોઈને અડકતા નહીં.''

''ના બાપા; પાસે નહીં આવીએ.''

આમ સભા ચિકાર ભરાઈ ગઈ. વખત થયો કે ગાંધીજી પધાર્યા. 'વંદે માતરમ્', 'મહાત્મા ગાંધી કી જય' એવા પોકારોથી સભા ગાજી રહી. છેટે બેઠા બેઠા પેલા હરિજન ભાઈઓએ પણ જયમાં જય ભેળવી અને ઊંચી ડોક કરી કરીને બાપુજીને જોવા લાગ્યા.

ગાંધીજી તો આવ્યા તેવા જ ભાષણ કરવા માંચડા ઉપર ચડયા. એક ક્ષણ ચારે તરફ આંખ ફેરવી. એ તો ગાંધીજીની ઝીણી આંખ! છેટે હરિજનોનું ટોળું બેઠું હતું તે પકડી પાડયું.

ગામવાળાને બોલાવીને પૂછ્યું, ''પેલા કેમ છેટે બેઠા છે?''

''મહાત્માજી! એ તો ઢેડા છે!''

''એમને સહુની સાથે બેસાડો તો?''

ગામવાળા માથું ખંજવાળવા લાગ્યા.

''એમને સભામાં ન લાવી શકો તો હું ત્યાં તેમની વચ્ચે જઈને ભાષણ કરીશ.''

એમ કહી ગાંધીજી સભા છોડીને પોતાના વહાલા હરિજનો ભેગા ગયા. ગામના કેટલાક હિંમતવાન માણસો પણ તેમની સાથે ગયા. હરિજન ભાઈઓનો આનંદ તો ઊભરાઈ ચાલ્યો. તેઓ આશીર્વાદ વરસાવવા લાગ્યા :

''ઘણું જીવો અમારા બાપુજી, ઘણું જીવો અમારા બાપુજી!''

## ૪૩. આશ્રમમાં હરિજન

ગાંધીજીએ સાબરમતીને તટે આશ્રમ ખોલ્યો ત્યારે જાહેર કર્યું કે કોઈ લાયક હરિજન આવે તો એને આશ્રમમાં દાખલ કરું.

લોકોએ ધાર્યું, 'એ તો એમ કહે, પણ હરિજન ક્યાં એમના આશ્રમમાં આવવા નવરા બેઠા છે?' એમ કહી આંખ આડા કાન કર્યા અને ગાંધીજીના આશ્રમને મદદ કરતા રહ્યા. આશ્રમનું ખર્ચ કેમ ચાલે છે એની ગાંધીજીને ચિંતા જ ન રહેવા દીધી.

આમ થોડો વખત ચાલ્યું ત્યાં તો સાચે એક હરિજન કુટુંબ આવ્યું જ. ધણી, ધણિયાણી અને સાથે ધાવણી બાળકી. વળી તેઓ ઠક્કર બાપાની ભલામણ લઈને આવ્યાં હતાં.

ગાંધીજીએ વિચાર્યું, ઈશ્વરે એમને અમારી કસોટી કરવા મોકલ્યાં. આવેલા હરિજન ભાઈને પૂછ્યું, ''આશ્રમના નિયમો જાણો છો ને?''

''હા જી.''

''તમારાથી પળાશે?''

''હા જી.''

''બસ ત્યારે સુખેથી આવો અને આશ્રમને તમારું ઘર બનાવો.''

આમ હરિજન કુટુંબ આશ્રમવાસી થઈ ગયું. સૌની સાથે રહે, સૌની સાથે કામ કરે, સૌની સાથે ભોજન કરે.

આશ્રમમાં કાંઈ બધાં સરખી સમજણવાળાં નહોતાં. ઘણાં ઊંચાંનીચાં થયાં, પણ ગાંધીજીએ કહી દીધું :

''મારે તો આ હરિજન પહેલા. જેમનાથી આ ધર્મ ન પળાય તેઓ સુખેથી આશ્રમ છોડી જાય. પછી ભલે તે મારો પુત્ર હોય કે મારી સ્ત્રી.''

ગામમાંયે વાત પહોંચી ગઈ કે ગાંધીના આશ્રમમાં તો ઢેડ રાખ્યો.

''અરે, આણે તો કહેતો હતો તેમ જ કર્યું. આવા ભ્રષ્ટાચારમાં અમે ક્યાંથી મદદ કરી'' એમ કહી ચુસ્ત સનાતની શેઠિયાઓએ પોતાની મદદ બંધ કરી હતી.

મગનલાલ ગાંધી આશ્રમની વ્યવસ્થા રાખતા. તેમણે ગંભીર મોઢું કરી કહ્યું, ''બાપુજી, કોથળીનું તળિયું દેખાવા માંડ્યું છે. આવતે મહિને શું કરીશું?''

ગાંધીજીએ હિંમત આપી, ''ઈશ્વર ઉપર વિશ્વાસ રાખો. ખર્ચ ખૂટશે ત્યારે ઢેડવાડે જઈને રહીશું અને મજૂરી કરીને પેટ ભરીશું, પણ સત્ય નહીં છોડીએ.''

# ૪૪. બે ઐતિહાસિક કૂચ

સત્યાગ્રહની પોતાની લડતોમાં ગાંધીજી કોઈ કોઈ વખતે કૂચનો કાર્યક્રમ રાખતા હતા. તેવી એક કૂચ દક્ષિણ આફ્રિકામાં તેમણે કરી અને બીજી હિંદુસ્તાનમાં દાંડીકૂચને નામે પ્રસિદ્ધ થઈ.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં જ્યારે સરકારે માઝા મૂકી ત્યારે ગાંધીજીએ ત્રણ પાઉંડના હેડિયા વેરા સામે યુદ્ધ પોકાર્યું અને હજારો ગિરમીટિયા મજૂરોને લડતમાં ભળવા હાકલ કરી. જોતજોતામાં મજૂરો ખેતરો અને કારખાનાંઓ છોડી આવવા લાગ્યા.

ગાંધીજી વિચાર કરવા લાગ્યા કે, આ બધાને પકડવાની સરકારને ફરજ પડે એવો સત્યાગ્રહ શું કરવો?

તેમને કોઈએ ન કલ્પેલી તેવી કલ્પના સૂઝી. આ વિશાળ કાફલાને લઈ પાયદળ કૂચ કરવી અને વગર પરવાને ટ્રાન્સવાલની હદમાં પેસી પરવાનાના કાનૂનનો ભંગ કરવો.

તે પ્રમાણે તેમણે કૂચ કરી. કાફલો ૨૨૧૧ માણસોનો બનેલો હતો. તેમાં ૧૨૭ સ્ત્રીઓ હતી. મજૂરોએ પોતાનાં બચ્ચાંઓને પણ સાથે લીધાં હતાં. જરૂરી સામાનનાં પોટલાં પણ ઉપાડ્યાં હતાં.

તેઓએ હદ ઓળંગી કાયદો તોડ્યો, પણ કોઈએ પકડ્યા નહીં. રાત્રે મુકામ કર્યો ત્યાં સંઘને સૂતો રાખી પોલીસ ગાંધીજીને એકલાને પકડી ગઈ.

સવારે સંઘને જાણ થઈ. તેઓનો કૂચમાં રસ વધ્યો. બીજે દિવસે ગાંધીજી જામીન પર છૂટી પોતાના સૈન્યને આવી મળ્યા તેથી વળી ખૂબ જ ઉત્સાહ વધ્યો.

બીજે મુકામે ગાંધીજીને ફરી પકડ્યા, ફરી જામીન પર છોડ્યા અને તેઓ સૌના આનંદ વચ્ચે કાફલામાં આવીને ભળ્યા.

કાફલો લાંબી લાંબી મજલો કરતો. રસ્તામાં એક બાળક માંદું થઈ મરણ પામ્યું. શોક છવાયો, છતાં કૂચ તો આગળ વધતી રહી.

મુકામ થાય ત્યાં છાવણીની, રાંધવા-ખાવાની, સાફસૂફીની ધમાલ થઈ રહેતી. મુકામના હિંદી વેપારીઓ પ્રેમથી સીધુસામાન પૂરું પાડતા.

છેવટે ત્રીજી વાર ગાંધીજીને પકડ્યા. આ વખતે તેમને જામીન પર ન છોડતાં સજા કરી જેલમાં રવાના કરવામાં આવ્યા.

ત્યાર પછીની મજલે આખા કાફલાને ગિરફતાર કરી બે સ્પેશિયલ ગાડીઓમાં ચડાવ્યો.

દાંડીકૂચની વાત તો કોણ નથી જાણતું? ગાંધીજીએ પૂર્ણ સ્વરાજની લડત માંડવાનો નિશ્ચય કર્યો ત્યારે જેલના દરવાજા ઉઘડાવવા કયો કાયદો તોડવો એની તેમણે તપાસ કરી. છેવટે તેમણે મીઠાનો કાયદો પસંદ કર્યો.

તે માટે દાંડીકૂચનો કાર્યક્રમ તેઓએ યોજ્યો, ગાંધીજીએ ભીષણ પ્રતિજ્ઞા લીધી, ''રણ રણ રઝળીશ, કાગડા કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો પગ મૂકીશ નહીં!'' પ્રતિજ્ઞા લઈને તેઓ ચાલી નીકળ્યા.

સાબરમતી આશ્રમથી નીકળી, આખું ગુજરાત વીંધી ગુજરાતને બીજે છેડે આવેલ દાંડીને દરિયે પહોંચવું અને ત્યાં પહેલાં પોતે મીઠું બનાવી કાયદો તોડવો એ પ્રમાણે નક્કી થયું હતું.

આશ્રમના ૮૦ સાથીઓ સાથે કૂચ ચાલુ કરવામાં આવી. રોજ બપોરે

ને રાત્રે વાટે આવતાં ગામોમાં મુકામ થતો. ત્યાં ખાવાપીવાનું થતું, રેંટિયા- તકલી કંતાતાં અને લોકોને ગાંધીજી લડતનો સંદેશો સંભળાવતા. કૂચનાં દર્શન કરવા હજારોનાં ટોળાં જામતાં.

રોજ પકડાવાની રાહ જોવાય, પણ સરકારે કૂચ પૂરી થવા દીધી અને છેવટે ગાંધીજીએ દાંડીના સુંદર સમુદ્રમાં સ્નાન કરી દરિયાના પાણીમાંથી મીઠું બનાવ્યું.

પછી તો મીઠાની આખા દેશમાં લૂંટાલૂંટ ચાલી હતી.

સરકારે એવી નીતિ રાખી કે ગાંધીજીને ન પકડવા, પણ દેશમાં બીજાઓ ઉપર દમન કરવું. દમનમાં બહેનો ઉપર લાઠીઓ પડ્યાની વાત આવતી. ગાંધીજી અકળાતા હતા : ''લાઠી પડે તો મારા માથા પર પડવી જોઈએ. તેને નોતરવા હવે હું શું કરું?''

છેવટે તેમણે ધરાસણાના સરકારી અગર લૂંટવાનો નિશ્ચય કર્યો. પણ કૂચ શરૂ કરે તેની આગલી રાતે તેમના સંઘને સૂતો મૂકી પોલીસ ગાંધીજીને ચોરી ગઈ.

## ૪૫. રાષ્ટ્રીય ઉપવાસ

પંજાબમાં માતૃભૂમિનું ઘોર અપમાન થયું હતું. અપમાનથી સૌનાં દિલ બળી ઊઠ્યાં હતાં. આખા દેશ તરફથી સત્યાગ્રહ કરવાનો નિશ્ચય થયો હતો.

પણ આ મહાન કાર્યનો આરંભ કેમ કરવો ?

''ગામોગામ ને શહેરેશહેર સભા ભરો.''

એ કરવા જેવું ખરું, પણ ગાંધીજીને તેટલાથી સંતોષ ન થાય.

''ગામેગામ અને શહેરેશહેર હડતાળ પાડો.''

એમાં એક પગલું આગળ વધ્યા ખરા, પણ હજુ ગાંધીજી કંઈક વધારે ઝંખતા હતા.

આખરે સૂઝ્યું. આખો દેશ એક જ દિવસે ચોવીસ કલાકનો ઉપવાસ કરે.

એ સાલ ૧૯૨૧ની હતી અને તારીખ એપ્રિલની ૧૩મી હતી. ગાંધીજીનો સંદેશો છૂટી ગયો. દેશના એક છેડાથી બીજા છેડા સુધી ઉપવાસ અને પ્રાર્થના રખાયાં. એ એક દિવસે આ વિશાળ દેશમાં ત્રીસ કરોડ માણસ

નહોતા, પણ ત્રીસ કરોડ માથાંવાળો અને સાઠ કરોડ હાથ ને સાઠ કરોડ પગવાળો એક જ પુરુષ હતો.

એ રાષ્ટ્રીય ઉપવાસનો દિવસ અમર રહી ગયો.

## ૪૬. પ્રેમના ઉપવાસ

બધાં બાળકો અને બાલિકાઓ જાણે છે કે કોઈને મારવું ન જોઈએ એમ ગાંધીજી શીખવતા હતા.

તેથી તેમની રાષ્ટ્રીય શાળામાં બાળકોને મારની જરાય બીક નહોતી. કોઈ શિક્ષક મારવા જાય તો બાળક ઊભો થઈને તેને પૂછી શકે કે બાપુજી મારવાની ના કહે છે ને તમે કેમ મારો છો?

ગાંધીજી કોઈ બાળકનો દોષ થયો તો તેને કદી મારતા નહોતા. ઠપકો દઈને તેનું અપમાન પણ તેઓ કરતા નહોતા, પણ કેટલીક વાર બાળકો બહુ મોટા ગુના કરી પાડે ત્યારે તેઓ જાતે ઉપવાસ કરી લેતા.

એ રીતે એક વાર તેમણે અઠવાડિયાના ઉપવાસ કર્યા હતા. એક વાર ચૌદ દિવસના કર્યા હતા. તેઓ કહેતા કે બાળકે દોષ કર્યો એમાં તેના ઉપર મારાથી ક્રોધ કેમ કરાય? મારા પોતાનામાં જ દોષ રહી ગયો હશે તેથી જ તેને ખોટું કામ કરવાનું સૂઝ્યું. જો હું પવિત્ર હોઉં તો મારી પાસે રહેનાર બાળક ખરાબ કેમ થઈ શકે? જો હું ખરી અહિંસા પાળતો હોઉં તો બાળક મારાથી ડરીને પોતાનો ગુનો છુપાવે જ નહીં.

આમ વિચાર કરીને ગાંધીજી પોતે ઉપવાસ આદરતા હતા.

આવા પ્રેમ પાસે કોઈ પણ બાળક વશ થયા વિના કેમ રહી શકે?

## ૪૭. મહાન ઉપવાસ

હિંદુ અને મુસલમાનને ગાંધીજીએ બહુ વીનવ્યા, પણ લડતા રહે જ નહીં.

''આપણે એક દેશના પુત્રો, આપણે લડવું ન જોઈએ.''

તોપણ ઝઘડા મટે નહીં.

''આપણા બાપદાદા કેવા સંપથી રહેતા તે વિચારો.''

તોયે ઝઘડા ચાલુ જ.

''લડવામાં એકેની ખાનદાની દેખાતી નથી માટે એક થાઓ.''

પણ લડવાના રસમાં ખાનદાનીનો ખ્યાલ કોને હોય ?

''એક થયા વિના સ્વરાજ્ય નહીં મળે હોં.''

પણ ક્રોધ ઊતરે ત્યારે સ્વરાજ્યની વાત સાંભળે ને ?

''બેની લડાઈમાં ત્રીજો ખાઈ જાય એ આંખ ઉઘાડીને જુઓ.''

પણ આંખમાં ક્રોધવેરી ભર્યો હોય તે કેમ આંખ ઊઘડવા દે ?

છેવટે જીભ હારી ત્યારે ગાંધીજીએ શું કર્યું ? તેમણે ૨૧ દિવસના ઉપવાસનું કઠણ વ્રત લીધું.

દિલ્હીમાં મહાન મુસલમાન અનસારી સાહેબનું ઘર અને તેની જ અંદર મહાન હિંદુ ગાંધીજીના ઉપવાસ. ગાંધીજી હસતાં હસતાં ભૂખનાં દુઃખ સહન કરતા, અને અનસારીજી ગળગળા થઈ ઉપવાસીની સેવા કરતા.

## ૪૮. સ્વરાજ્ય

હિંદના દાદા દાદાભાઈ નવરોજજીએ સ્વરાજ્યનો મંત્ર શોધ્યો.

લોકમાન્ય ટિળક મહારાજે તે ઘેર ઘેર પહોંચાડચો.

ગાંધીજીએ સ્વરાજ્ય માટે ઘર ઘરમાં યજ્ઞ ચાલુ કરાવ્યા.

હિંદના દાદાએ ચોપડીઓ ઉથલાવી શોધ્યું કે મોટામાં મોટો રોગ ભૂખનો છે.

ટિળક મહારાજે છ વર્ષની જેલ વેઠીને શીખવ્યું કે આ ભૂખ સ્વરાજ્યથી જ મટે એમ છે.

ગાંધીજીએ પોતાની તપશ્ચર્યાથી આગળનો પાઠ આપણને આપ્યો.

''દેશનો રોગ સ્વરાજ્યથી જ મટશે અને સ્વરાજ્ય ખાદીથી જ મળશે.''

આ સ્વરાજ્યની લડત મોટા યોદ્ધાઓ જ લડી શકે એમ ન માનશો. બાળકો પણ તેમાં સૈનિક થઈ શકે. જો તમારે ભરતી થવું હોય તો આટલું કરો ને ભરતી થઈ જાઓ :

પરદેશી કાપડનો ત્યાગ કરો અને શુદ્ધ ખાદી ધારણ કરો.

દેશને ખાતર રોજ કાંતો.

ગુલામી પોષાય એવી કેળવણી ન લો, પણ દેશભક્તિ પ્રગટે એવી કેળવણી લો.

માતૃભાષા અને રાષ્ટ્રભાષા સારી રીતે શીખો. અંગ્રેજીરૂપી પારકી માતાના ધાવણ પર આધાર ન રાખો.

હિંદુસ્તાન એટલે આપણાં લાખો ગરીબડાં ગામડાં. માટે ગામડાં પર પ્રેમ રાખો. ગામડાંમાં વસવાના કોડ બાંધો. ગામડાંનો માલ વાપરવામાં અભિમાન લો.

હરિજનોનાં બાળકોને તમારી પાસે પ્રેમથી બેસી ભણવા દો. આપણે સ્વરાજ્ય ભોગવવું હોય તો સૌથી પહેલાં તેમને સ્વરાજ્ય આપવું જોઈએ.

## ૪૯. અંગ્રેજને

ગાંધીજીએ 'હિંદ સ્વરાજ' નામનું પુસ્તક લખી તેમાં સ્વરાજ્યની પોતાની કલ્પના વિસ્તારી છે. પુસ્તક વાચક અને અધિપતિ વચ્ચેના સંવાદરૂપે લખવામાં આવ્યું છે.

વાચક પૂછે છે :

''અંગ્રેજને તમે શું કહેશો ?''

આપણને પણ એ જ પ્રશ્ન પૂછવાનું મન થાય.

અધિપતિરૂપે ગાંધીજીએ એ પ્રશ્નનો નીચે પ્રમાણે જવાબ આપ્યો છે. આપણને પણ તે જવાબમાંથી ગાંધીજીના વિચાર સમજાઈ જશે.

અધિપતિ : તેમને હું વિનયપૂર્વક કહીશ કે તમે મારા રાજા ખરા; તમે તમારી તલવારથી છો કે મારી ઇચ્છાથી છો એ સવાલની ચર્ચા મારે કરવાની જરૂર નથી. તમે મારા દેશમાં રહો તેનો પણ મને દ્વેષ નથી, પણ તમારે રાજા છતાં નોકર થઈને રહેવું પડશે. તમારું કહ્યું અમારે નહીં, પણ અમારું કહ્યું તમારે કરવું પડશે.

આજ લગી તમે આ દેશમાંથી જે ધન લઈ ગયા તે તમને પચ્યું, પણ હવે તમે તેમ કરશો એ નહીં ફાવે.

તમે હિંદુસ્તાનનું સિપાઈગરું કરવાની ઇચ્છા રાખો તો રહી શકાય તેવું છે. તમારે અમારી સાથે વેપારની લાલચ છોડવી.

તમે જે સુધારાની હિમાયત કરો છો તેને અમે કુધારો જાણીએ છીએ. અમારા સુધારાને અમે તમારા કરતાં અત્યંત ચડિયાતો માનીએ છીએ. તેમ તમને સૂઝી આવે તો તમારો લાભ છે. તેમ તમને ન સૂઝે તોપણ તમારી જ કહેવત પ્રમાણે તમારે અમારા દેશમાં દેશી થઈને રહેવું જોઈશે.

તમારાથી અમારા ધર્મને બાધ આવે તેમ ન થવું જોઈએ. તમારો

-ધર્મ છે કે તમારે રાજ્યકર્તા હોઈ હિંદુઓના માનને ખાતર ગાયના માંસનો આહાર છોડવો અને મુસલમાનના માનને ખાતર ભૂરા જાનવરનો આહાર છોડવો. અમે દબાયેલા તેથી બોલી શકયા નથી, પણ અમારી લાગણી નથી દુખાઈ એમ તમારે સમજવાનું નથી. અમે સ્વાર્થ કે બીજા ભયથી તમને કહી નથી શકયા, પણ હવે કહેવું એ અમારી ફરજ છે.

તમે સ્થાપેલી નિશાળો ને અદાલતો કંઈ કામનાં નથી એમ અમે માનીએ છીએ. તેને બદલે અમારી અસલી અદાલતો ને શાળાઓ અમારે જોઈશે.

હિંદુસ્તાનમાં ભાષા અંગ્રેજી નથી, પણ હિંદી છે. તે તમારે શીખવું ઘટશે, ને અમે તો તમારી સાથે વ્યવહાર અમારી જ ભાષામાં રાખી શકીશું.

તમે રેલવે અને સોલ્જરોમાં અખૂટ પૈસો વાપરો છો તે અમે દેખી શકતા નથી. તેની અમને જરૂર નથી જણાતી. રશિયાની બીક તમને હશે, અમને નથી. તે આવશે ત્યારે અમે જોઈ લઈશું. તમે હશો તો આપણે સાથે જોઈ લઈશું.

અમારે વિલાયતી કે યુરોપી કાપડ ન જોઈએ. આ દેશમાં પેદા થયેલી વસ્તુઓથી અમે ચલાવી લઈશું. તમારી એક આંખ માન્ચેસ્ટર ઉપર અને બીજી અમારા ઉપર એમ નહીં પરવડે.

તમારો અને અમારો એક જ સ્વાર્થ છે એમ તમે વર્તો ત્યારે જ સાથ ચાલી શકે.

તમારી સાથે આ વાત તોછડાઈથી નથી કરી.

તમારી પાસે હથિયારબળ છે. નૌકાસૈન્ય ભારી છે. તેની સાથે અમે તેવા જ બળથી નહીં લડી શકીએ. પણ જો તમને ઉપલી વાત કબૂલ નહીં હોય તો અમે તમારી સાથે નહીં રમીએ. તમારી મરજીમાં આવે તો ને બને તો તમે અમને કાપજો. મરજીમાં આવે તો તોપે ઉડાવજો. અમને જે પસંદ નથી તે તમે કરો તેમાં અમે તમને મદદ નથી કરવાના ને અમારી મદદ વિના તમારાથી ડગ ભરી શકાય તેમ નથી.

આ વાત તમે તમારી સત્તાના મદમાં હસી કાઢશો એવો સંભવ છે. આજકાલમાં તમારું હસવું મિથ્યા છે એમ તો તમને વખતે નહીં દેખાડી શકાય. પણ જો અમારામાં દમ હશે તો તમે જોશો કે તમારો મદ નકામો છે ને તમારું હસવું તે વિપરીત બુદ્ધિની નિશાની હતું.

અમે તો માનીએ છીએ કે તમે હાડે ધર્મી પ્રજાના માણસ છો. અમે તો ધર્મસ્થાનમાં જ વસીએ છીએ. તમે ને અમે કેમ સાથે થયા તે વિચારવું ફોકટ છે, પણ આપણા સંબંધમાં આપણે બંને સદુપયોગ કરી શકીએ છીએ. તમે હિંદમાં આવનાર અંગ્રેજો તે અગ્રજી પ્રજાનો ખરો નમૂનો નથી તેમ અમે અરધા અંગ્રેજ જેવા બનેલા હિંદીઓ પણ ખરી હિંદી પ્રજનો નમૂનો કહેવાઈ શકતા નથી. અંગ્રેજ પ્રજા જો બધું સમજે તો તમારા કાર્યની સામે થાય. હિંદી પ્રજાએ તો તમારી સાથે સંબંધ થોડો જ રાખ્યો છે.

તમે જો તમારો સુધારો, જે કુધારો છે તેને છોડી તમારા ધર્મનું શોધન કરશો તો તમે જોશો કે અમારી માગણી બરોબર છે. એ જ રીતે તમારાથી હિંદુસ્તાનમાં રહેવાય.

એમ તમે રહો તો તમારી પાસેથી અમારે કેટલુંક શીખવાનું છે તે શીખીશું ને અમારી પાસેથી તમારે ઘણું શીખવાનું છે તે તમે શીખશો. આમ કરતાં આપણે લાભ લઈશું ને દુનિયાને લાભ કરીશું. પણ તે તો આપણા સંબંધની જડ ધર્મક્ષેત્રમાં નખાય ત્યારે જ બને.

## ૫૦. પ્રેમ

આપણને સૌને ગાંધીજી ઉપર બહુ જ પ્રેમ કેમ થાય છે?

એનું કારણ એ છે કે તેમના હૃદયમાં આપણે માટે પ્રેમ ઊભરાતો હતો.

ગાંધીજીના ઉપર કોઈને વેર નથી એનું કારણ પણ જાણો છો?

એનું કારણ પણ એ છે કે તેમના હૃદયમાં કોઈની ઉપર વેર વસતું નહોતું.

ગાંધીજી સરકારના જુલમો સામે લડતા હતા છતાં ઘણા અંગ્રેજ લોકો તેમના ઉપર પ્રેમ રાખતા. એનું કારણ પણ એ જ કે ગાંધીજી અંગ્રેજો ઉપર પોતાના મનમાં પ્રેમ જ રાખતા.

કોઈ માણસ ખરાબ કામ કરે તો ક્રોધ કરી તેને મારવો એ તો પશુનું કામ થયું. મનુષ્યનું કામ એ છે કે તેવા માણસને પ્રેમથી નવડાવવો. પ્રેમથી તેને સહન કરી લેવો.

ગાંધીજી એ રીતે કોઈના ઉપર વેર રાખતા નહોતા તેથી કોઈ તેમનો વેરી નહોતો. તેઓ સૌના ઉપર પ્રેમ વરસાવતા તેથી આપણને તેમના ઉપર પ્રેમ ઊપજે છે.

## ૫૧. ગાંધીજીની અહિંસા

અહિંસા એટલે શું? 'કોઈની હિંસા કરવી નહીં, કોઈને મારવું નહીં.'

મનમાં ક્રોધ રાખવો એ પણ હિંસા જ કહેવાય. માટે તેવી મનની હિંસા પણ ન કરવી, પણ મનમાં પ્રેમ રાખવો એનું નામ સાચી અહિંસા.

'પણ કોઈ આપણને મારવા આવે તો અહિંસા કેમ પળાય?'

ખરી રીતે તો તેવા વખતે જ અહિંસાની કસોટી થાય ને? કોઈ આપણને મારે નહીં કે આપણને ગુસ્સે કરે નહીં ત્યારે તો ઢોર પણ અહિંસા પાળે છે!

'પરંતુ એમ માર ખાઈ રહીએ તો આપણે ડરકણમાં ન ખપીએ? ડરકણમાં કેવી રીતે ખપીએ? આપણે માર ખાઈને રડી પડતા નથી, આપણે મારની બીકે નાસી પણ જતા નથી. પ્રેમને લીધે આપણને ગુસ્સો આવે નહીં અને મારીએ નહીં એમાં ડરકણ કેવી રીતે થાય?

'એમ કોઈ મારી જાય તેના ઉપર પ્રેમ રાખવો એ તો બહુ અઘરું. એના કરતાં સામી થપ્પડ ચોડી લેવી સહેલી.'

સાચી વાત. અહિંસા પાળવી સહેલી તો નથી જ. અહિંસા શૂરાનો મારગ છે. કાયરનું કામ નથી.

ગાંધીજીએ એવી અહિંસા પાળી અને આપણને સૌને પાળવાનો ઉપદેશ આપ્યો.

## ૫૨. આત્મબળ

દુનિયામાં મારકણા માણસો બહુ કોલાહલ મચાવે છે.

''આણે મને સલામ ન કરી, માટે તેને મારી નાખું.''

ગાંધીજી ઊંચા હાથ કરીને પોકારતા, ''ઓ ભારતવાસીઓ, આ કોલાહલમાં ભળશોયે નહીં ને એનાથી ડરીને ભાગશોયે નહીં. તમે તો અહિંસા જ પાળજો. બધા લડીને થાકશે ત્યારે તેઓ આપણી પાસેથી અહિંસા શીખશે.

''અહિંસા પાળવા જઈએ તો અમને સૌ મળીને મારી નાખશે એવો ડર ન રાખશો. અહિંસાને તમે ઓળખતા નથી તેથી ડર લાગે છે. અહિંસાથી તો વેરી શાન્ત થઈ જાય.''

દુનિયાની પ્રજાઓને આ ઉપદેશ પર વિશ્વાસ બેસતો નથી.

એક પ્રજા લાખ લશ્કર પોષે છે.

બીજી પ્રજા પાંચ લાખ પોષે છે.

ત્રીજી પ્રજા દશ લાખ.

એક પ્રજા સો મનવાર બાંધે છે.

બીજી પ્રજા હજાર બાંધે છે.

ત્રીજી વળી દશ હજાર.

એક પ્રજા સો વિમાન બાંધે છે.

બીજી પ્રજા પાંચસો વિમાન.

અને ત્રીજી પ્રજા વળી હજાર.

જેનાં વિમાન ઓછાં તેને ઊંઘ આવતી નથી અને રાતદિન વધારવાની ફિકર કરે છે.

અને એ અમથાં બનતાં નથી.

કરોડો પાઉંડનો ધુમાડો કરવો પડે છે.

અને પાઉંડ એટલે શું?

પાઉંડ એટલે પ્રજાઓનો પરસેવો અને પ્રજાઓનાં લોહી.

ગાંધીજીએ અહિંસાનાં શસ્ત્રો આપણને શીખવ્યાં છે તે છે:

સત્યાગ્રહ, અસહકાર, દુઃખસહન.

હસતે મુખે દુઃખ ઝીલતી પ્રજાને જોઈ અન્યાયી ઝંખવાણો પડે છે, જલ્લાદની મૂઠ ઢીલી પડે છે. શિકાર રડે ત્યારે શિકારીને રસ પડે ને?

તો પછી કઈ શક્તિ મોટી? તોપની કે અહિંસાની? કયું બળ મોટું? તોપબળ કે આત્મબળ?

ગાંધીજી સાંભળેલી કે વાંચેલી વાત કહેતા નહોતા. બહુ બહુ સંકટો સહન કરીને તેમણે અહિંસાનું રત્ન પ્રાપ્ત કર્યું હતું.

અહિંસાથી જ ભારતવર્ષનો જયજયકાર છે.

---

## ૧. ગાંધીસ્તોત્ર

એનું જીવનકાર્ય અખંડ તપો,
અમ વચ્ચે બાપુ અમર રહો;
એના જીવનમંત્ર સમો ચરખો,
પ્રભુ, ભારતમાં ફરતો જ રહો.
અમ જીવનમાં અમ અંતરમાં,
એની ઉજ્જવળ જ્યોત જ્વલંત રહો;
અમ દેશનાં દૈત્ય ને દુર્બલતા,
એની પાવક આતમ-જ્વાલ દહો.
એનો સત્યનો સૂર્ય સદાય તપો,
અમ પાપ નિરાશાના મેલ દહો;
એનાં પ્રેમ અહિંસાનાં પૂર પ્રભો,
અમ ભારતના સહુ કલેશ વહો.
એણે જીવતાં રામ સદાય રટ્યા,
એ તો રામ વદીને વિદાય થયા;
લઘુ માનવમાં મહિમા ભરવા,
નિજ લોહી અશેષ વહાવી ગયા.

– જુગતરામ દવે



□



## ૨. બાપુ કેરું નામ

મને વહાલું બાપુ કેરું નામ છે રે,
એને હૃદિયે રઘુપતિ રામ છે રે. મને૦

પહેરી પોતડી ને ચાખડીએ ચાલતા રે,
વહાલો બાવા બધાને બનાવતા રે. મને૦

ઢેડ મેલાઘેલાને લેતા સોડમાં રે,
એનો આતમ રમે રણછોડમાં રે. મને૦

વહાલે બોખી ડોશીની લીધી સાર છે રે,
અન્નદાતા રૂડા રેંટિયાના તાર છે રે. મને૦

દુ:ખ પોતે વેઠે ને બીજા હારતા રે,
વહાલો માંડે પ્રહ્લાદ કેરી વારતા રે. મને૦

– તનસુખ ભટ્ટ

□

## ૩. અમારો દેશ

જગતના સર્વ દેશોમાં
અમારો દેશ સારો છે;

ભલે ભૂલો કરે તોયે
અમારો દેશ સારો છે.

સરસ પહાડો અમારે ત્યાં,
સરસ નદીઓ અમારી છે;

સરસ ફૂલો સદા ઊગે,
અમારો દેશ સારો છે.

પશુપંખી જુદાં જુદાં
અમારા દેશમાં બહુયે;

બધી ચીજો અહીં પાકે,
અમારો દેશ સારો છે.

અમારા દેશમાં સતીઓ,
અમારા દેશમાં સાધુ,

અમારા દેશમાં સૌ છે,
અમારો દેશ સારો છે.


પ્રભુનો પાડ માનીશું –
અમોને જન્મ અહીં દીધો;

સદા ગર્વે અમે કહીશું –
અમારો દેશ સારો છે.

– ડૉ. ચંદુલાલ

□





## ૪. ગાંધી ગુજરાતે ઊતર્યા

એવા ગાંધી ગુજરાતે ઊતર્યા રે!
એનું સૂકું શરીર જાણે લાકડી રે,
માંહે જોરાવર છે જીવ.
એવા ગાંધી૦

એણે ઘેર ઘેર રેંટિયા મોકલ્યા રે,
લેવા સૂતરને તાંતણે સ્વરાજ.
એવા ગાંધી૦

એણે સાદાઈ શીખવી દેશને રે,
ચા, દારૂ કરાવ્યાં દૂર.
એવા ગાંધી૦

લોક વાટ જુએ છે પ્રભુ આવશે રે,
નવ જાણે આવ્યો આવનાર.
એવા ગાંધી૦

એનો ધન્ય જનમ, ધન્ય જીવવું રે,
માતાએ ઉપાડ્યો ધન્ય ભાર.
એવા ગાંધી૦

એનો મોંઘો આદેશ લોકો ઝીલતા રે,
બોલી ભારતનો જયજયકાર.
એવા ગાંધી૦

– ગિરીશ

□

ગાંધીને શરણે આવો [illegible] લો,
તેના તે ગુણ તમે ગાઓ રે,
અવસર છે છેલ્લો !

પરદેશી છોડી, વિલાયતી છોડી,
રેંટિયો પકડી લેજો રે,
અવસર છે છેલ્લો !

દારૂને છોડી, તાડીને છોડી,
દૂધ ને છાશ તમે પીજો રે,
અવસર છે છેલ્લો !

માંસને છોડી, મચ્છીને છોડી,
ગોળ ને રોટલો ખાજો રે,
અવસર છે છેલ્લો !


ડાકણને છોડી, ભૂતડાંને છોડી,
રામનું નામ તમે લેજો રે,
અવસર છે છેલ્લો !

ઝેરને છોડી, વેરને છોડી,
હેત ને પ્રીતથી રહેજો રે,
અવસર છે છેલ્લો !


કૂડને છોડી, કપટને છોડી,
સતને રસ્તે રહેજો રે,
અવસર છે છેલ્લો !

— અજ્ઞાત

Acc. No. 130434
Date 16-9-2010



ગાંધીબાપુની સમાધિ, રાજઘાટ : દિલ્હી





Library IIAS, Shimla
GJ 891.474 G 151 D
00130434



SABARMATI ASHRAM
001835 Ahmedabad
GANDHIJI FOR CHILD
GUJARATI
MRP:Rs.5



ISBN 81-7229-131-0